
# પ્રાચીન સ્તવનાવલી

## ૧૭

## શ્રી કુંથુનાથ ભગવાન





# નમસ્કાર મહામંત્ર મહિમા

સમરો મંત્ર ભલો નવકાર,
એ છે ચૌદ પૂર્વનો સાર;
એના મહિમાનો નહિ પાર,
એનો અર્થ અનંત અપાર.૧

સુખમાં સમરો, દુઃખમાં સમરો,
સમરો દિન ને રાત;
જીવતા સમરો, મરતાં સમરો,
સમરો સૌ સંગાથ.૨

જોગી સમરે ભોગી સમરે,
સમરે રાજા રંક;
દેવો સમરે, દાનવ સમરે,
સમરે સૌ નિશંક.૩

અડસઠ અક્ષર એના જાણો,
અડસઠ તીરથ સાર;
આઠ સંપદાથી પરમાણો,
અડસિદ્ધિ દાતાર.૪

નવ પદ એના નવનિધિ આપે,
ભવોભવનાં દુઃખ કાપે;
"ચંદ્ર" વચનથી હ્રદયે વ્યાપે,
પરમાતમ પદ આપે.૫

# પ્રાચીન સ્તવનાવલી

## ૧૭

## શ્રી કુંથુનાથ ભગવાન


: પ્રાપ્તિ સ્થાન :

શ્રી હસમુખભાઈ ચુડગર

૨૦૨-૨૦૩, ચીનુભાઈ સેન્ટર,

અમદાવાદ - ૩૮૦ ૦૦૯.

પ્રત : ૧૦૦૦     મૂલ્ય : શ્રદ્ધા ભક્તિ

# પ્રાસ્તાવિક

પરમાત્મ ભક્તિનાં અજોડ આલંબને જીવ બાહ્યદશાથી મુક્ત થઈ અંતરાત્મદશા દ્વારા પરમાત્મ દશાને સહજતાથી પામી શકે છે. પૂર્વ મહાપુરૂષોએ ભક્તિના ક્ષેત્રે જે કૃતિઓનું યોગદાન કર્યું છે. તે પૈકી પ્રત્યેક જીનેશ્વર દેવોનાં પ્રાચીન લગભગ બધાજ પ્રાપ્ય સ્તવનોનો સ્વતંત્ર રીતે જુદી જુદી આ લઘુ પુસ્તિકામાં સમાવેશ કર્યો છે.

આ સ્તવનોનાં રચયિતાઓએ પરમાત્મ ભક્તિની જે મસ્તિ માણી છે તેનો યત્કિંચિત રસાસ્વાદ પ્રાપ્ત કરવા આ પુસ્તિકાનો ઉપયોગ કરીશું તો અર્થગાંભીર્ય યુક્ત આ પ્રભુભક્તિ-આત્મિક શક્તિ પ્રગટાવી મુક્તિને નજીક લાવવામાં સહાયક થશે.

ગચ્છાધિપતિ આચાર્ય વિજય
રામસૂરીશ્વરજી મહારાજ સાહેબ (ડહેલાવાળા) ના
ગુરૂકૃપાકાંક્ષી જગચ્ચન્દ્રસૂરિ

# પ્રભુભક્તિ

પ્રભુને રોજ ભજવા છતાં આનંદની મસ્તિ અનુભવાતી નથી તેનું કારણ પરમાત્માને ઓળખવામાં હજી આપણે ઉણા ઉતર્યા છીએ ગતાનુગતિકતાથી નહિ વાસ્તવિકતાથી પરમાત્માનું દર્શન કરીશું તો પરમાત્મભક્તિથી શક્તિ આપણને આનંદઘન બનાવી દેશે.

આ જીવે સંસારના પ્રત્યેક પદાર્થો પાછળ આંસુ પાડયા હશે તે આંસુઓ સાગરના પાણીથી પણ વધી જાય પરંતુ તે આંસુની કોઈ કિંમત નથી. પ્રભુભક્તિ-પ્રભુરાગ પાછળ બે આંસુ પણ પડી જશે તો પ્રથમના બધા આંસુના સરવાળાને ટપી જશે તે ભક્તિથી આત્માની મુક્તિ નજીક આવી જશે.

ગચ્છાધિપતિ આચાર્ય વિજય
રામસૂરીશ્વરજી મહારાજ સાહેબ (ડહેલાવાળા)

# અનુક્રમણિકા


| ચૈત્યવંદન | કર્તા | પાના નં. |
|---|---|---|
| કુંથુનાથ કામિત દિયે | શ્રી પદ્મવિજયજી | ૧ |
| લવ સત્તમ સુરભવ તજી | શ્રી વીરવિજયજી | ૧ |
| શ્રાવણ વદી નવમી દિને | શ્રી જ્ઞાનવિમલજી | ૨ |

| સ્તવન | કર્તા | પાના નં. |
|---|---|---|
| કુંથુજિન ! મનડું કિમહી | શ્રી આનંદઘનજી | ૨ |
| સાહેલાં હે કુંથુજિણેસર ! દેવ | શ્રી યશોવિજયજી | ૩ |
| સુખદાયક સાહિબ ! સાંભળો | શ્રી યશોવિજયજી | ૪ |
| ગજપુર નયરી સોહિયેંજી | શ્રી યશોવિજયજી | ૫ |
| શ્રી કુંથુજિનરાજજી વિનવી | શ્રી ભાણવિજયજી | ૬ |
| સાહિબ ! સકળ દુનીકો માનુ | શ્રી આનંદવર્ધનજી | ૬ |
| કર્મછેદી કર્મછેદી અતિ | શ્રી લક્ષ્મીવિમલજી | ૭ |
| કુંથુ-જિનેસર ! જાણજો રે | શ્રી માનવિજયજી | ૮ |
| કુંથુ-જિણંદ ! સદા મન-વસીઓ | શ્રી જ્ઞાનવિમલસૂરીશ્વરજી | ૧૦ |
| સેવો ભાવે શ્રી કુંથુ-જિણેસર | શ્રી ભાવવિજયજી | ૧૧ |
| કુંથુજિનેસર વંદીએ | શ્રી વિનયવિજયજી | ૧૨ |
| રે મન-મધુકર ! ચિત્ત | શ્રી હરખચંદજી | ૧૨ |
| કુંથુજિનેસર ! સાહિબ વિનતિ | શ્રી નયવિજયજી | ૧૩ |
| દરસન પ્રાણજીવન ! મોહિ દીજંઈ | શ્રી ઋષભસાગરજી | ૧૪ |
| વાઈવાઈ રે અમરી વિણ | શ્રી ઉદયરત્નજી | ૧૫ |

| સ્તવન | કર્તા | પાના નં |
|---|---|---|
| મનમોહન કુંથુજિણંદ ! મુજ | શ્રી જિનવિજયજી | ૧૬ |
| કરૂણા કુંથુજિણંદની | શ્રી જિનવિજયજી | ૧૭ |
| દુલહો મેળો શ્રી જિનરાજનોજી | શ્રી હંસરત્નજી | ૧૮ |
| કુંથુ-જિણંદ કરૂણા કરો, | શ્રી મોહનવિજયજી | ૧૯ |
| મુજ અરજ સુણો મુજ પ્યારા | શ્રી મોહનવિજયજી | ૨૦ |
| તુજ મુદ્રા સુંદર રૂપ | શ્રી રામવિજયજી | ૨૧ |
| રસીયા ! કુંથુજિણેસર ! | શ્રી રામવિજયજી | ૨૨ |
| કઠિન ભગતકી પ્રીત | શ્રી કાંતિવિજયજી | ૨૩ |
| તુમ્હે રહોરે પ્રીતમ ! પાય | શ્રી ન્યાયસાગરજી | ૨૪ |
| કુંથુજિણેસર પ્રણમે પાય | શ્રી ન્યાયસાગરજી | ૨૪ |
| કુંથુજિનેસર પરમ કૃપાગુરૂ | શ્રી પદ્મવિજયજી | ૨૫ |
| રાત-દિવસ નિત સાંભરે ! | શ્રી પદ્મવિજયજી | ૨૫ |
| કુંથુજિન આગમ-વયણથી | શ્રી વિજયલક્ષ્મીસૂરિજી | ૨૬ |
| કુંથુ જિનેસર દેવ, | શ્રી કીર્તિવિમલજી | ૨૭ |
| કુંથુ જિનેશ્વર વિંનતિ-મુજ | શ્રી દાનવિમલજી | ૨૮ |
| કુંથુનાથ જિનવર જયો | શ્રી વિનીતવિજયજી | ૨૯ |
| શ્રી કુંથુજિનેસર વિનતિ | શ્રી અમૃતવિજયજી | ૩૦ |
| રંગ લાગ્યો-પ્રભુ-રૂપશું | શ્રી પ્રમોદસાગરજી | ૩૦ |
| તીરથ નાયક લાયક | શ્રી ભાણચંદજી | ૩૧ |
| કુંથુ જિણેસરરે સ્વામી માહરા | શ્રી ખુશાલમુનિજી | ૩૨ |
| હાંજી ! સુરતરૂસમો વડ સાહેબો | શ્રી ચતુરવિજયજી | ૩૩ |
| સમવસરણ બેસી કરી રે | શ્રી દેવચંદ્રજી | ૩૪ |

| સ્તવન | કર્તા | પાના નં. |
|---|---|---|
| હાંરે ! જગજીવન અ-નાથનો | શ્રી જીવણવિજયજી | ૩૫ |
| કુંથુ-જિનેસર પર ઉપગારી | શ્રી દાનવિજયજી | ૩૬ |
| આવો રે મન-મહેલ હમારે | શ્રી મેઘવિજયજી | ૩૭ |
| કુંથુ-જિનેસર ! સાંભળો | શ્રી કેશરવિમલજી | ૩૭ |
| જિનરાયાજી કુંથુ-જિણંદ દયાલ | શ્રી કનકવિજયજી | ૩૮ |
| કુંથુ-જિણેસર ! સાહિબ-સેવ | શ્રી રૂચિરવિમલજી | ૩૯ |
| કુંથુનાથ કરુણા કરો | શ્રી ભાવપ્રભસૂરિ | ૩૯ |
| કુંથુ-જિનેસર સાહિબો, | શ્રી રતનવિજયજી | ૪૦ |
| કુંથુ-જિનેસર કામનો રે, | શ્રી માણેકમુનિજી | ૪૧ |
| કુંથુ દયાલ - શિરોમણિ | શ્રી દીપવિજયજી | ૪૨ |
| હિવ કુંથુ જિણેસર હથિણાઉરિ | શ્રી ધર્મકિર્તિગણી | ૪૩ |
| કુંથુનાથ સત્તરમા જિનપતિજી | શ્રી સ્વરૂપચંદજી | ૪૪ |
| કુંથુ-જિનેસર સાચો દેવ, | શ્રી જશવિજયજી | ૪૫ |
| જી હો ! કુંથુ-જિણંદ ! દયા કરી | શ્રી જ્ઞાનવિમલસૂરીજી | ૪૬ |
| અબ મેરી પ્રભુશું પ્રીત લગીરી | શ્રી ગુણવિલાસજી | ૪૮ |
| કુંથુ જિણેસર સાહિબારે | શ્રી જગજીવનજી | ૪૯ |
| જ્ઞાની વિણ કિણ આગળ કહીયે | શ્રી જિનહર્ષજી | ૫૦ |
| કુંથુ-જિનેસર ! સાહિબ ! | શ્રી કનકવિજયજી | ૫૧ |

| થોય | કર્તા | પાના નં. |
|---|---|---|
| વશી કુંથુવ્રતી તિલકો | શ્રી વીરવિજયજી | ૫૨ |
| કુંથુજિન નાથ, જે | શ્રી પદ્મવિજયજી | ૫૨ |

## ચૈત્યવંદન વિધિ

### (નીચે મુજબ પ્રથમ ઈરિયાવહિ કરવી)

### • ઈચ્છામિ ખમાસમણ સૂત્ર •

ઈચ્છામિ ખમાસમણો ! વંદિઉં જાવણિજ્જાએ,
નિસીહિઆએ, મત્થએણ વંદામિ.

**ભાવાર્થ :** આ સૂત્ર દ્વારા દેવાધિદેવ પરમાત્માને તથા પંચમહાવ્રતધારી સાધુ ભગવંતોને વંદન થાય છે.

### • ઈરિયાવહિયં સૂત્ર •

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ઈરિયાવહિયં પડિક્કમામિ ? ઈચ્છં, ઈચ્છામિ પડિક્કમિઉં ૧. ઈરિયાવહિયાએ, વિરાહણાએ ૨. ગમણાગમણે ૩. પાણક્કમણે બીયક્કમણે હરિયક્કમણે, ઓસાઉત્તિંગપણગ દગ, મટ્ટી મક્કડા સંતાણા સંકમણે ૪. જે મે જીવા વિરાહિયા,, ૫. એગિંદિયા, બેઈંદિયા, તેઈંદિયા, ચઉરિંદિયા, પંચિંદિયા ૬. અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઈયા, સંઘટ્ટિયા, પરિયાવિયા, કિલામિયા, ઉદ્દવિયા, ઠાણાઓઠાણં, સંકામિયા, જીવિયાઓ વવરોવિયા, તસ્સ મિચ્છામિ દુક્કડં ૭.

**ભાવાર્થ :** આ સૂત્રથી હાલતા-ચાલતા જીવોની અજાણતા વિરાધના થઈ હોય કે પાપ લાગ્યા હોય તે દૂર થાય છે.

### • તસ્સ ઉત્તરી સૂત્ર •

તસ્સ ઉત્તરીકરણેણં, પાયચ્છિત્તકરણેણં, વિસોહિકરણેણં, વિસલ્લીકરણેણં, પાવાણં કમ્માણં નિગ્ઘાયણટ્ઠાએ, ઠામિ કાઉસ્સગ્ગં.

**ભાવાર્થ :** આ સૂત્ર દ્વારા ઈરિયાવહિયં સૂત્રથી બાકી રહેલા પાપોની વિશેષ શુદ્ધિ થાય છે.

## ● અન્નત્થ સૂત્ર ●

અન્નત્થ ઊસસિએણં, નિસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ, પિત્તમુચ્છાએ ૧ સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં, સુહુમેહિં દિઠ્ઠિસંચાલેહિં ૨. એવંમાઈએહિં આગારેહિં અભગ્ગો, અવિરાહિઓ, હુજ્જ મે કાઉસ્સગ્ગો ૩. જાવ અરિહંતાણં, ભગવંતાણં, નમુક્કારેણં ન પારેમિ ૪. તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ ૫.

**ભાવાર્થ :** આ સૂત્રમાં કાઉસગ્ગના સોળ આગારનું વર્ણન તથા કેમ ઉભા રહેવું તે બતાવેલ છે.

(પછી એક લોગસ્સનો ચંદેસુ નિમ્મલયરા સુધીનો અને ન આવડે તો ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરવો, પછી પ્રગટ લોગસ્સ કહેવો)

## ● લોગસ્સ સૂત્ર ●

લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે; અરિહંતે કિત્તઈસ્સં, ચઉવિસંપિ કેવલી ૧. ઉસભમજિઅંચ વંદે, સંભવમભિણંદણં ચ સુમઈ ચ; પઉમપ્પહં સુપાસં, જિણંચચંદપ્પહં વંદે ૨. સુવિહિં ચ પુપ્ફદંતં, સીઅલ સિજ્જંસ વાસુપુજ્જં ચ; વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિ ચ વંદામિ ૩. કુંથું અરં ચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ; વંદામિ રિઠ્ઠનેમિ, પાસં તહ વદ્ધમાણં ચ ૪. એવં મએ અભિથુઆ, વિહુય રયમલા પહીણ જરમરણા; ચઉવિસંપિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ ૫. કિત્તિય-વંદિય મહિયા, જેએ લોગસ્સ ઉત્તમા સિદ્ધા; આરૂગ્ગબોહિલાભં, સમાહિવરમુત્તમં દિન્તુ. ૬. ચંદેસુ નિમ્મલયરા, આઈચ્ચેસુ અહિયં પયાસયરા, સાગરવરગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ. ૭.

**ભાવાર્થ :** આ સૂત્રમાં ચોવીસ તીર્થકરોની નામપૂર્વક સ્તુતિ કરવામાં આવી છે.

(પછી ત્રણ ખમાસમણ દઈ, ડાબો
પગ જમીન ઉપર સ્થાપીને હાથ જોડી)

**ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ચૈત્યવંદન કરું ? ઈચ્છં
કહી સકલકુશલ કહી ચૈત્યવંદન કરવું.**

સકલ કુશલ વલ્લિ - પુષ્કરાવર્ત મેઘો,
દુરિત તિમિર ભાનું : કલ્પવૃક્ષોપમાન :
ભવજલનિધિ પોત : સર્વ સંપત્તિ હેતું :,
સ ભવતુ સતતં વ:
શ્રેયસે શાન્તિનાથ : શ્રેયસે પાર્શ્વનાથ :

**(આ પછી પુસ્તકમાંથી ચૈત્યવંદન બોલવું)**

## ● જંકિંચિ સૂત્ર ●

જંકિંચિ નામતિત્થં, સગ્ગે પાયાલિ માણુસે લોએ;
જાઈ જિણબિંબાઈ, તાઈ સવ્વાઈ વંદામિ.

**ભાવાર્થ :** આ સૂત્ર દ્વારા ત્રણે લોકમાં વિદ્યમાન નામ રૂપી તીર્થો અને જિન પ્રતિમાઓને નમસ્કાર કરવામાં આવેલ છે.

## ● નમુત્થુણં સૂત્ર ●

નમુત્થુણં અરિહંતાણં ભગવંતાણં. ૧. આઈગરાણં તિત્થયરાણં, સયંસંબુદ્ધાણં, ૨. પુરિસુત્તમાણં, પુરિસસીહાણં, પુરિસવરપુંડરિઆણં, પુરિસવરગંધહત્થીણં. ૩. લોગુત્માણં, લોગનાહાણં, લોગહિઆણં, લોગપઈવાણં, લોગપજ્જોઅગરાણં. ૪. અભયદયાણં, ચકખુદયાણં, મગ્ગદયાણં, સરણદયાણં, બોહિદયાણં, ૫. ધમ્મદયાણં,

ધમ્મદેસયાણં, ધમ્મનાયગાણં, ધમ્મસારહીણં, ધમ્મવરચાઉરંત-ચક્કવટ્ટીણં. ૬. અપ્પડિહયવરનાણ - દંસણધરાણં, વિયટ્ટ-છઉમાણં. ૭. જિણાણં જાવયાણં, તિન્નાણં તારયાણં; બુદ્ધાણં બોહયાણં, મુત્તાણં મોઅગાણં..૮. સવ્વન્નૂણં, સવ્વદરિસીણં, સિવમયલ મરૂઅ - મણંત મક્ખય મવ્વાબાહ - મપુણારાવિત્તિ - સિદ્ધિ ગઈ નામધેયં, ઠાણં સંપત્તાણં, નમો જિણાણં, જિઅભયાણં. ૯. જે અ અઈયા સિદ્ધા, જે અ ભવિસ્સંતિણાગએ કાલે; સંપઈ અ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ. ૧૦.

**ભાવાર્થ :** આ સૂત્રમાં અરિહંત પરમાત્માના ગુણોનું વર્ણન છે. અને ઈન્દ્ર મહારાજા પ્રભુની સ્તુતિ કરતી વખતે આ સૂત્ર બોલે છે.

## ● જાવંતિ ચેઈઆઈ સૂત્ર ●

(ફક્ત પુરૂષોએ બે હાથ ઉંચા કરીને બોલુવું)

જાવંતિ ચેઈઆઈ. ઉડ્ઢે અ અહે અ તિરિઅલોએ અ; સવ્વાઈ તાઈ વંદે, ઈહ સંતો તત્થ સંતાઈ.

**ભાવાર્થ :** આ સૂત્રદ્વારા ત્રણે લોકમાં રહેલી જિન પ્રતિમાજીઓને નમસ્કાર કરવામાં આવે છે.

ઈચ્છામિ ખમાસમણો વંદિઉ જાવણિજ્જાએ
નિસિહિઆએ મત્થએણ વંદામિ.

## ● જાવંત કેવિ સાહૂ સૂત્ર ●

જાવંત કેવિ સાહૂ, ભરહેરવયમહાવિદેહે અ; સવ્વેસિં તેસિં, પણઓ, તિવિહેણ તિદંડવિરયાણં.

ભાવાર્થ : આ સૂત્રમાં ભરત, ઐરાવત અને મહાવિદેહ ત્રણેય ક્ષેત્રમાં વિચરતાં સર્વે સાધુ સાધ્વી ભગવંતોને નમસ્કાર કરવામાં આવે છે.

(નીચેનું સૂત્ર ફકત પુરૂષોએ બોલવું)

## ● નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્ય : ●

ભાવાર્થ : આ સૂત્રમાં પંચપરમેષ્ઠિ ભગવંતોને નમસ્કાર કરવામાં આવ્યો છે.

**(આ પછી આ પુસ્તકમાંથી સુંદર અને ભાવવાહી સ્તવનોના સંગ્રહમાંથી કોઈપણ એક સ્તવન ગાવું.)**

**(બે હાથ ઉંચા કરીને બોલવું / બહેનોએ હાથ ઉંચા કરવા નહીં)**

## ● જય વીયરાય સૂત્ર ●

જય વીયરાય ! જગગુરૂ ! હોઉં મમં તુહ પભાવઓ ભયવં !
ભવનિવ્વેઓ મગ્ગા-ણુસારિઆ ઈઠ્ઠફલસિદ્ધી.......૧
લોગવિરૂદ્ધચ્ચાઓ, ગુરૂજણપૂઆ, પરત્થકરણં ચ;
સુહુગુરૂજોગો તવ્વયણ-સેવણા આભવમખંડા......૨

(બે હાથ નીચે કરીને)

વારિજ્જઈ જઈવિ નિથાણ-બંધણં વીયરાય ! તુહ સમયે ;
તહવિ મમ હુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાંણ......૩
દુક્ખક્ખઓ કમ્મક્ખઓ, સમાહિમરણં ચ બોહિલાભો અ;
સંપજ્જઉ મહ એઅં, તુહ નાહ ! પણામકરણેણં.....૪
સર્વ-મંગલ-માંગલ્યં, સર્વ કલ્યાણકારણમ્;

પ્રધાનં સર્વ-ધર્માણાં, જૈનં જયતિ શાસનમ્......૫

**ભાવાર્થ :** આ સૂત્રમાં પ્રભુ પાસે ઉત્તમ પ્રકારની પ્રાર્થના કરવામાં આવી છે.

(પછી ઉભા થઈને)

## ● અરિહંતચેઈઆણં સૂત્ર ●

અરિહંતચેઈઆણં, કરેમિ કાઉસ્સગ્ગં ૧. વંદણવત્તિઆએ, પૂઅણવત્તિઆએ, સક્કારવત્તિઆએ, સમ્માણવત્તિઆએ, બોહિલાભવત્તિઆએ, નિરૂવસગ્ગવત્તિઆએ ! ૨ સદ્ધાએ, મેહાએ, ધિઈએ, ધારણાએ, અણુપ્પેહાએ, વડ્ઢમાણીએ, ઠામિ કાઉસ્સગ્ગં.૩

**ભાવાર્થ :** આ સૂત્રમાં જ્યાં ચૈત્યવંદન કરતા હોઈએ તે દેરાસરની તમામ પ્રતિમાઓને વંદન કરવામાં આવે છે.

## ● અન્નત્થ સૂત્ર ●

અન્નત્થ ઊસસિએણં, નિસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ પિત્તમુચ્છાએ. ૧ સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં. ૨ એવમાઈએહિં આગારેહિં, અભગ્ગો અવિરાહિઓ હુજ્જમે કાઉસ્સગ્ગો. ૩ જાવ અરિહંતાણં ભગવંતાણં નમુક્કારેણં ન પારેમિ, તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ ૪

(કહીને એક નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારીને)

**નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્ય :**

**(આ પછી પુસ્તકમાંથી થોય કહેવી)**

# શ્રી કુંથુનાથ ભગવાનના ચૈત્યવંદન

## શ્રી પદ્મવિજયજી કૃત ચૈત્યવંદન

કુંથુનાથ કામિત દિયે, ગજપુરનો રાય;
સિરિ માતા ઉરે અવતર્યો, સુર નરપતિ તાય.....૧

કાયા પાંત્રીસ ધનુષની, લંછન જસ છાગ;
કેવલજ્ઞાનાદિક ગુણો, પ્રણમો ધરી રાગ.....૨

સહસ પંચાણું વરસનું એ, પાલી ઉત્તમ આય;
**પદ્મવિજય** કહે પ્રણમિએ, ભાવે શ્રી જિનરાય.....૩

## શ્રી વીરવિજયજી કૃત ચૈત્યવંદન

લવ સત્તમ[1] સુરભવ તજી, ગજપુર નયર નિવાસ;
રાક્ષસ ગણ કૃતિકા જની, કુંથુનાથ વૃષ રાશિ..॥૧॥

સોલ વરસ છદ્મસ્થમાં, જિનવર યોનિ છાગ;
ઘાતિ કર્મ ઘાતે કરી, તિલક તલે વીતરાગ..॥૨॥

શૈલેશી કરણે કરી એ, એક સહસ પરિવાર;
શિવ મંદિર સિધાવતાં, **વીર** ઘણું હુંશિયાર..॥૨॥

---

૧. સર્વાર્થ સિદ્ધિના દેવ

## શ્રી જ્ઞાનવિમલજી કૃત ચૈત્યવંદન

શ્રાવણ વદી નવમી દિને, સવ્વટ્ઠથી ચવિયા;
વદિ ચૌદશ વૈશાખની, જિન કુંથુ જણિયા..॥૧॥
વદિ પાંચમ વૈસાખ માસ, લિયે સંજમ ભાર;
શુદિ ત્રીજે ચૈત્રતણી, લહે કેવળ સાર..॥૨॥
પડવા દિન વૈશાખની, પામ્યા અવિચળ ઠામ;
છઠ્ઠા ચક્રી જયકરૂ, **જ્ઞાનવિમલ** સુખ ખાણ..॥૩॥

# શ્રી કુંથુનાથ ભગવાનના સ્તવન

## કર્તા શ્રી આનંદઘનજી મ.

(રાગ ગુર્જરી-રામકલી-અંબર દે દે મુરારી હમારો-એ દેશી)

**કુંથુજિન !** મનડું કિમહી ન બાજે ! જિમ-જિમ જતન[1] કરીને રાખું,
તિમ-તિમ અલગું[2]-ભાંજે[3] હો ! કુંથુ૦॥૧॥
રજની-વાસર વસતી-ઉજડ, ગયણ પાયાલે જાય ।
"સાપ[4] ખાયને મુખડું થોથું" એહ ઉખાણો-ન્યાય-હો ! કુંથુ૦॥૨॥
મુગતિતણા અભિલાષી તપીયા, જ્ઞાન ને ધ્યાન અભ્યાસે ।
વયરીડું કાંઈ એહવું ચિંતે, નાખે અવળે પાસે-હો ! કુંથુ૦॥૩॥

આગમ આગમ-ધરને[5] હાથે, નાવે કિણ વિધ આંકું ।
કિહાં-કણે જો હઠ કરી હટકયું તો વ્યાલ[6] તણી પરે વાંકું-હો ! કુંથુ૦॥૪॥
જો ઠગ કહું તો ઠગતો ન દેખું, શાહુકાર પિણ નાંહિ ।
"સર્વ માંહે ને સહુથી અલગું", એ અચરિજ મનમાંહિ-હો ! કુંથુ૦॥૫॥
જે જે કહું તે કાન ન ધારે, આપ-મતે રહે કાલો[7] ।
સુર-નર-પંડિત-જન સમજાવે, સમજે ન માહરો સાલો[8]-હો ! કુંથુ૦॥૬॥
મેં જાણ્યું એ લિંગ-નપુંસક, સકળ-મરદને ઠેલે ।
બીજી વાતે સમરથ છે નર, એહને કોઈ ન ઝેલે-હો ! કુંથુ૦॥૭॥
"મન સાધ્યું તિણે સઘળું સાધ્યું," એહ વાત નહિ ખોટી ।
ઈમ કહે "સાધ્યું" તે નવિ માનું, એક હી વાત છે મોટી-હો ! કુંથુ૦॥૮॥
"મનડું દુરારાધ્ય તેં વશ આણ્યું", તે આગમથી મતિ આણું ।
**આનંદ-ઘન-પ્રભુ** માહરું આણો તો "સાચું" કરી જાણું-હો ! કુંથુ૦॥૯॥

---

૧. સાચવણી ૨. દૂર ૩. ભાગે ૪. સાપ ભક્ષ્ય પદાર્થ ગળી જાય છે તેમજ કરડે ત્યારે પણ દાઢનું ઝેર ચાલ્યું જાય. એટલે મળતુ કંઈ નથી તેમ મન ૫. મહા-જ્ઞાની ૬. સાપ ૭. સ્વચ્છંદી-ધૂની ૮. લુચ્ચો અથવા કુમતિરૂપ સ્ત્રીનો ભાઈ એ રીતે મન આપણો સાળો પણ થાય

## કર્તા : ઉપા. શ્રી યશોવિજયજી મ.

સાહેલાં હે **કુંથુજિણેસર** ! દેવ, રતન દીપક અતિ દીપતો-હો લાલ
સાહેલાં હે મુજ મન-મંદિર માંહે, આવે જો અરિ-દલ જીપતો-હો લાલ....(૧)
સા૦ મિટે તો મોહ અંધાર, અનુભવ તેજે ઝળહળે-હો લાલ
સા૦ ધૂમ[1]-કષાયની રેખ, ચરણ[2]-ચિત્રામણ નવિ ચળે-હો લાલ....(૨)
સા૦ પાત્ર[3] કર્યે નહિ હેઠ, સૂરજ તેજે નવિ છુપે-હોલાલ

સા૦ સર્વ-તેજનું તેજ, પહેલાંથી વાધે પછી હો લાલ...(૩)
સા૦ જેહ ન મરૂતને[૪] (સમીરને) ગમ્ય,
ચંચલતા જ નવિ લહે-હો લાલ, સા૦ જેહ સદા છે રમ્ય,
પુષ્ટ[૫]-(પૃષ્ઠ) ગુણે નવિ કૃશ રહે-હો લાલ...(૪)
સા૦ પુદગલ-તેલ[૬] ન ખેપ, તેહ ન શુદ્ધદશા લહે-હો લાલ
સા૦ શ્રી નયવિજય સુ-શીશ, વાચક **જશ** એણીપરે કહે-હો લાલ....(૫)

---

૧. કષાયરૂપ ધૂમાડાની રેખા પણ નહીં ૨. ચારિત્રરૂપ મિત્રો બગડે નહિ ૩. નીચે પાત્ર=વાસણની જરૂર નથી ૪. પવનથી બુઝાય નહીં ૪. પોષણના ગુણમાં જે દુર્બળ નથી અથવા પાછળથી જે ઝાંખો થતો નથી ૬. કોઈપણ બાહ્ય પદાર્થ-પુદ્ગલ-તૈલ વગેરે નાખવું પડતું નથી

## કર્તા : ઉપા. શ્રી યશોવિજયજી મ.

### (ઢાલ વીછીંયાની)

સુખદાયક સાહિબ ! સાંભળો, મુજને તુમશું અતિ[૧]રંગરે,
તુમે તો નિ-રાગી હુઈ રહ્યા,
એ શ્યો એકંગો[૨] રંગ રે—સુખ૦...(૧)
તુમ ચિત્તમાં વસવું મુજ ઘણું, તે તો ઉંબર[૩]ફલ સમાન રે,
મુજ ચિત્તમાં વસો[૪] જો તુમે,
તો પામ્યા નવે નિધાનરે—સુખ૦...(૨)
શ્રી કુંથુનાથ અમ નિરવહું[૫], ઈમ એકંગો પણ નેહ રે,
ઈણિ યાકીને[૬] ફળ પામશું,
વળી હોશે દુખનો છેહ[૭] રે—સુખ૦...(૩)

આરાધ્યો કામિત[૮] પૂરવે, ચિંતામણી પાષાણ રે,
વાચક જશ કહે મુજ દીજીયે;
ઈમ જાણી કોડિ કલ્યાણ રે–સુખ૦...(૪)

૧. ઘણો અંતરનો પ્રેમ ૨. એક તરફી ૩. ઉંમર ને ફળ નથી લાગતા, એટલે ઉંમરને ફળ ન હોય તેમ ૪. રહો ૫. નભાવીશું ૬. વિશ્વાસે ૭. નાશ ૮. ઇચ્છિત

## કર્તા : ઉપા. શ્રી યશોવિજયજી મ.

### (ઢાલ-મરકલડાની)

ગજપુર[૧] નયરી સોહિયેંજી, સાહિબ ! ગુણનીલો,
શ્રી કુંથુનાથ મુખ મોહિયેંજી સાહિબ ! ગુણનીલો,
સૂર નૃપતિ કુલચંદલોજી સા૦ શ્રી-નંદન ભાવે વંદોજી સાહિબ૦(૧)
અજ[૨]-લંછન વંછિત પૂરેજીસા૦ પ્રભુ સમરિઓ સંકટ ચૂરેજી–સાહિબ૦
પાંત્રીશ ધનુષ તનુ માનેજી સા૦, વ્રત એક સહસ અનુમાનેજી–સાહિબ૦ (૨)
આયુ વરસ સહસ પંચાણુજી સા૦, તનુ સોવન વાન વખાણુંજી–સાહિબ૦
**સમેતશિખર** શિવ પાયાજી સા૦, સાઠ સહસ મુનીશ્વર રાયાજી–સાહિબ૦(૩)
ષટ શત વળી સાઠ હજારજી સા૦, પ્રભુ સાધ્વીનો પરિવારજી–સાહિબ૦
ગંધર્વ-બળા અધિકારીજી સા૦, પ્રભુશાસન-સાનિધકારીજી–સાહિબ૦(૪)
સુખદાયક મુખને [૩]મટકેજી સા૦, લાખેણે લોયણ લટકેજી[૪]–સાહિબ૦
બુધ શ્રી **નયવિજય** મુણિંદોજી સા૦, સેવકને દિઓ આણંદોજી–સાહિબ૦ (૫)

૧. હસ્તિનાપુર ૨. બકરો ૩. ચળકાટથી ૪.

A-3

## કર્તા : શ્રી ભાણવિજયજી મ.

### (ઘર આવોજી આંબો મોરીઓ-એ દેશી)

શ્રી કુંથુજિનરાજજી વિનવી કહું મનની વાત,
મહેર ધરી સેવક ભાગી, સુણો વિનતિ તો આવે ઘાત[1]—શ્રી૦ (૧)
અવસર પામી કહો પ્રભુ ! કુણઅહિલે તે ગમી જાય,
તિમ અવસર પામી તુમ પ્રતે, હું વિનવું છું જિનરાય—શ્રી૦ (૨)
સજ્જન એકાંતે મળ્યાં, કહેવાએ મનની વાત;
પણ મુજ મનની જે વારતા, તે તો જાણો છો સહુ અવદાત—શ્રી૦ (૩)
પણ એક-વચન જે કહું, તે તો માનો થઈ સુપ્રસન્ન;
અતુલો[૨] અમૃત પાઈએ, જિમ હરખિત હોય મુજ મન્ન—શ્રી૦ (૪)
ભવ-ભવ તુમ પદ-સેવના, હવે દેજો શ્રી જિનરાય;
પ્રેમ વિબુધના ભાણને, તુમ દરિસણથી સુખ થાય—શ્રી૦ (૫)

૧. વાતનો મેળ ૨. આત્માનું અનુપમ

## કર્તા : શ્રી આણંદવર્ધનજી મ.

### (રાગ સારંગ-મલ્હાર-દેશી નણુદલની)

સાહિબ ! સકળ[૧] દુનીકો માનુ, મુગતિ[૨]-રમણિ-શિર-ટીકો હો; મન-રંગે મંચે[૩]
મનમોહન મુખ જિનજીકો, અહો કુંથુ જિનેસર ! નીકો હો—મન૦(૧)
મન મૂરખ ક્યું ન પતીજે[૪] ? દિન-દિન તન યૌવન છીજે[૫]હો!; મન૦

પલ-પલ દિલ[૬] ભીતર લીજે, પ્રભુ શું રંગરેલીયાં કીજે હો—મન૦(૨)
શ્રી-નંદન પ્રભુ પહિચાન્યો, તબ હીતે મો, મન-માન્યોહો—મન૦
આણંદ ભરિ પ્રભુ ગુણ ગાયા, મોરા સોવત[૮] વખત જગાયા હો—મન૦(૩)

---

૧. બધાયમાં શ્રેષ્ઠ ૨. મોક્ષરૂપ સ્ત્રીના માથાનો તિલક ૩. મસ્ત થયું ૪. વિશ્વાસુ થતું નથી ૫. ક્ષીણ થાયછે ૬. મનને અંતર્મુખ બનાવવું ૭. મારૂં ૮. સૂવાનો સમય, જાગૃત કર્યા

## કર્તા : શ્રી લક્ષ્મીવિમલજી મ.

### (ગુણ-દરિયો ગુણ-દરિયો ઊંડો અગાધ-એ દેશી)

કર્મછેદી કર્મછેદી અતિ નિરબંધ[૧] હો,
મોહ-દ્વેષી મોહ-દ્વેષી ક્ષમા અનુભરોજી
પાપ-ભીરૂ પાપ-ભીરૂ વીર્ય આકરોજી[૨]
કિમ જાણે ! કિમ જાણે ! તુજ ગતિ મુજ મતિજી,
તુંહી જાણે ! તુંહી જાણે !; તાહરી ગુણ[૩]તતિજી—કિમ૦(૧)
તુંહી આપે તુંહી આપે શિવપુર-વાસ હો,
જેહ તાહરી જેહ તાહરી આણા શિર ધરેજી,
તુજ નિંદી તુજ નિંદી પામે દુઃખ હો,
તેહ જાણું તેહ જાણું તુજ નિંદા કરેજી—કિમ૦(૨)
નહીં માયા નહીં માયા મમતા લેશ હો,
નિજ થાપે નિજ થાપે સંઘ ગણધરાજી
નવિ નમે નવિ નમે પરને શીશ હો,

પ્રતિબંધે[4] પ્રતિબંધે તાહરે ભવ તર્યાજી—કિમ૦(૩)
ગત-સંગી ગત-સંગી નામ કહેવાય હો,
સુરશ્રેણી સુરશ્રેણી પદ પાસે વસેજી
વીતરાગ વીતરાગ નિરંજન દેવ હો,
ભવિ-રંજન ભવિ-રંજન મન તુજ શું ઉલ્લસેજી—કિમ૦(૪)

અદ્‌ભુત અદ્‌ભુત શ્રીકુંથુની વાત હો,
નવિ જાણે નવિ જાણે યોગી-મુનિવરાજી !
તુજ નામે તુજ નામે કીરતિ થાય હો,
આપ-લચ્છી[5] આપ-લચ્છી આપે સુખ-કરાજી—કિમ૦(૫)

---

૧. મૂળથી ૨. ઉત્કટ ૩. ગુણશ્રેણી ૪. ઉત્કટ ૫. ભક્તિરાગ ૬. આત્મલક્ષ્મી

## કર્તા : ઉપા. શ્રી માનવિજયજી મ.

### (યોગીસર ચલા એ દેશી)

કુંથુ-જિનેસર ! જાણજો રે લાલ,
મુજ મનનો અભિપ્રાય રે—જિનેશ્વર મોરા
તું આતમ અલવેસરૂ[1] રે લાલ, રખે ! તુજ વિરહો થાય રે—જિનેશ્વર !
તુજ વિરહો કિમ વેઠિયે રે લાલ; તુજ વિરહો દુખદાય રે-જિને૦
તુજ વિરહો ન ખમાય રે-જિણે૦ ખિણ[2] વરસાં સો થાય રે-જિને૦
વિરહો મોટી બલાય[3] રે જિણે૦ કુંથું૦(૧)
તાહરે પાસે આવવું રે લાલ, પહેલા નાવત[4] દાય[5] રે-જિને૦

આવ્યા પછી તો જાયવું રે લાલ,
તુજ ગુણ-વસ્યે ન સુહાય રે જિણે૦ કુંથુ૦(૨)

ન મળ્યાનો ધોખો[૬] નહી રે લાલ, જસ ગુણનું નહિ નાણ રે—જિને૦
મિળિયાં ગુણ-કળિયાં પછી રે લાલ, વિછુરત[૭] જાયે પ્રાણ રે—જિણે૦ કુંથુ૦(૩)

જાતિ-અંધને દુખ નહી રે લાલ, ન લહે નયનનો સ્વાદ રે—જિને૦
નયણ-સ્વાદ લહી કરી રે લાલ, હાર્યાંને વિખવાદ રે—જિણે૦ કુંથુ૦(૪)

બીજે પણ કિહાં નવિ ગમે રે લાલ, જિણે તુજ વિરહ બચાય રે—જિને૦
માલતીકુસુમે માલ્હીયો રે લાલ, મધુપ[૮] કરીરે[૯] ન જાય રે—જિણે૦ કુંથુ(૫)

વન[૧૦]-દવ-દાધાં રૂંખડાં[૧૧] રે લાલ, પાલ્હવે[૧૨] વળી વરસતા રે—જિને૦
તુજ વિરહાનળનો બળ્યો રે લાલ, કાળ અનંત ગમાત રે—જિણે૦ કુંથુ૦(૬)

ટાઢક રહે તુજ સંગમેં રે લાલ, આકુળતા મિટી જાય રે—જિને૦
તુજ સંગે સુખિયો સદા રે લાલ, **માનવિજય** ઉવઝાય રે—જિણે૦ કુંથુ૦(૭)

---

૧. અદ્ભુત ઐશ્વર્યવાળો ૨. ક્ષણ પણ સો વર્ષ જેવડો ૩. ઉપાધિ ૪. સાથે નહીં ૫. અનુકૂળ ૬. માનસિક ઉચાટ ૭. જુદા પડતા ૮. ભ્રમરો ૯. કેરડા ઉપર ૧૦. જંગલના દાવાનળથી બળી ગયેલા ૧૧. વૃક્ષો ૧૨. વિકાસ પામે ૧૩. માનસિક સંતાપ

## કર્તા : પૂ. આ. શ્રી જ્ઞાનવિમલસૂરિ મ.

### (મોતીડાની દેશી)

કુંથુ-જિણંદ ! સદા મન-વસીઓ, તું તો દૂર જઈ પ્રભુ વસીઓ
સાહિબા ! રંગીલા ! હમારા, મોહના શિવ[1]-સંગી છઠ્ઠો ચક્રી ષટ-ખંડ સાધે,
અભ્યંતર[2] જિમ ષટ[3]-રિપુ બાંધે સાહિબ૦(૧)
ત્રિપદી[4] ગંગ[5] ઉપકંઠે[6], નવ નિધિ-સિદ્ધિ ઉતકંઠે સાહિબ૦
કોઈ અ-જેય રહ્યો નહિ દેશ, તિમ કો ન રહ્યા કર્મ-નિવેશ—સાહિબ૦(૨)
ધર્મ-ચક્રવર્તી પદવી પામી, એ પ્રભુ માહરો અંતરજામી—સાહિબ૦
સત્તર-ભેદશું સંયમ પાળી, સત્તરમો જિન મુગતિ-સંભાળી—સાહિબ૦ (૩)
તેહને ધ્યાને જો નિતુ રહીએ, જો તેહની આણા નિરવહિએ—સાહિબ૦
તો ક્ષાઈક ભાવે ગુણ આવે, સાહિબ-સેવક ભેદ ન પાવે—સાહિબ૦(૪)
વારવાર સુ-પુરુષને કહેવું, તે તો ભરિયા ઉપર વહેવું—સાહિબ૦
**જ્ઞાનવિમલ** ભાવે કરી જોવે, તો સેવક-મનવંછિત હોવે—સાહિબ૦(૫)

---

૧. શિવ=મોક્ષના કાયમી યોગવાળા ૨. અંદરના ૩. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર=ઈર્ષ્યા એ છ દુશ્મનો ૪. ત્રિપદીરૂપ ૫. ગંગાનદી ૬. કિનારે

## કર્તા : પૂ. શ્રી ભાવવિજયજી મ.

(રાગ-કાફી)

સેવો ભાવે શ્રી **કુંથુ**-જિણેસર સ્વામી, રૂષભ-વંશભૂષણ ગત[1]-દૂષણ,
નિત પ્રણમું શિર નામી—સેવો૦(૧)

નિજ-તેજે જિત[2] સૂરસૂરનૃપ, અંગજ સુરગજગામી[3]
**નંદન શ્રી**[4]-નંદનજિણ જેણે, જિત્યોકામ હરામી—સેવો૦(૨)

અજ લંછન **ગજપુરનો**[5] નાયક, ત્રિભુવન-વનઆરામી
દેહતણે વાને કરી જીતી, અભિરામી અભિરામી—સેવો૦(૩)

અંગ તુંગ પણતીસ ધનુષ જસ, દેખત દુરમતિ વામી
વરસ સહસ પંચાણું જીવિત, ભોગવી શિવગતિગામી—સેવો૦(૪)

સુર **ગંધર્વ અચ્યુત** જસ સેવે જસકામી
સત્તારમો જિન-સત્તામ નમતાં, **ભાવે** શુભ મતિ પામી—સેવો૦(૫)

---

૧. દૂષણરહિત ૨. જીત્યો છે સૂર્ય જેણે ૩. ઐરાવણ હાથી જેવી ગતિવાળા ૪. શ્રી માતાના પુત્ર એવા પ્રભુ ૫. હસ્તિનાપુરનો ૬. પાંત્રીસ

## કર્તા : પૂ. શ્રી. વિનયવિજયજી મ.

(ઉત્તર દખિણ હુંતિ હરણાલિ—એ દેશી)

**કુંથુજિનેસર** વંદીએ, સખિ ! સત્તરમો દેવ રે
સખિ ! દેવની સેવ કરો, મન-રંગશું એ..(૧)
**પુરરાય** સુત સુંદરૂ, **શ્રીરાણી**નો નંદ રે
સખિ ! નંદને ચંદ જિશ્યું, મુખ શોભેયેંએ (૨)
નવ-નિધિ ચઉદ રયણ તણી, જેણે સંપદા છાંડી રે
સખિ ! છાંડીને માંડિ પ્રીતિ, વિરતી સમીએ (૩)
નામ જપતાં જિન તણું, સખિ ! પાતક જાયેં રે
સખિ ! જાયેં ને થાયેં વંછિત મન તણુંએ (૪)
**કીર્તિવિજય** ઉવઝાયનો, સખિ! સેવક બોલે રે
સખિ ! બોલેં ઈમ નહીં કો તોલે પ્રભુ તણે એ (૫)

## કર્તા : શ્રી હરખચંદજી મ.

(રાગ - બિહાગ)

રે મન[૧]-મધુકર ! ચિત્ત હમારે !
**કુંથુનાથ** કે ચરન-કમલતે, નેક[૨] ન હોજિ[૩] તું ન્યારે—રે મન૦(૧)
પદકજ[૪] સહજ-સુગંધ સુકોમલ, શ્રીયુત[૫] શુભ સુખકારે,
રાગ-દોષ કંટક નહી યાકે, પાપ-પંકસેં ન્યારે—રે મન૦(૨)
વિકસિત રહત સદા નિશ-વાસર[૭], અતિ અદ્ભુત અવિકારે,
ઐસે પદપંકજ તજી ઈત-ઉત[૮], ડોલત[૯] મૂઢ ! કહારે[૧૦] ! રે મન૦(૩)

માતા શ્રી **શ્રીમતીકેં** નંદન, સૂરનૃપતિકે પ્યારે,
ગજપુર જનમ છાગ વર લંછન, કુરૂવંશ કુલ ઉજવાલે-રે મન૦(૪)
સહસ પંચાણુ વરસ આયુ તનુ, ધનુ પૈંતીસ માહારે,
**હરખચંદ**કે સાહિબ જિનવર, જગત-જંતુ હિતકારે–રે મન૦(૫)

---

૧. મનરૂપ ભમરા ! ૨. હોંશિયાર ૩. થઈશ ૪. ચરણકમલ ૫. શોભાવાળા ૬. પાપરૂપ કીચડથી ૭. રાતદિવસ ૮. આમતેમ ૯. ભટકે છે ૧૦. શા માટે !

## કર્તા : શ્રી નયવિજયજી મ.

### (ઢાળ-નાહલીયે વિલુદ્ધી ઓલંભો દિઈ રે-એ દેશી)

કુંથુજિનેસર ! સાહિબ વિનતિ રે, તે નિરવહિયે[૧]સંત–કુંથુ૦(૧)
મહિમંડલમાં દેવ અછે ઘણા રે, હું ન કરૂં તસ સેવ
તુજ વિણ અવર ન કદીયેં ઓલગું[૨] રે, તું મુજ એક જ દેવ–કુંથુ૦(૨)
અવર ન સેવું કદીએ, દેવતા રે તુમ વિણ દીનદયાળ
જલધર-જલ વિણ અવર ન આદરે રે, જિમ જગે ચાતકબાલ–કુંથુ૦(૩)
અંગીકૃત[૩] જો નિરવાહો[૪] પ્રભુ રે, તો પૂરો મન આશ,
દાસતણી એ આશા પૂરતાં રે, સાહિબને શાબાશ–કુંથુ૦(૪)
નિશદિન ભાવે સાહિબ સેવતાં રે, જો નહી પૂરો આશ,
તો એ જગમાં પ્રભુજી તુમતણો રે, કુણ કરશે વિશ્વાસ–કુંથુ૦(૫)
મોટા નિશ્ચે આશા પૂરવે રે, જો સેવે ધરી નેહ
જુઓ ! એ જગમાં ચાતક-બાલની રે, પૂરે આશ મેહ –કુંથુ૦(૬)
A-૪

ઈમ જાણીને સાહિબ ! પૂરવી રે, નિજ-સેવકની આશ
**નયવિજય** કહે તુમ્હ ચરણાંબુજેં રે, દેજો અ-વિચળ વાસ–કુંથુ૦(૭)

---

૧. નિભાવો ૨. સેવા કરૂં ૩. સ્વીકારેલું ૪. નિભાવો

## કર્તા : શ્રી ઋષભસાગરજી મ.

દરસન પ્રાણજીવન ! મોહિ દીજે, વિનુ દરસન મો [૧]મન ન પતી[૨]જૈ
સેવા નિત નિત નવલી કીજે, તું તો સાહિબ ! કિમહી ન રીઝે...(૧)
હું તો તેહ, સાહિબ તું સોઈ, તુમચો[૩] કથન[૪] ન લોપ્યો કોઈ
પ્રભુજી ! પ્રસન્ન ન હુવૈ તોઈ, ઈમ નિરવાહ કેતા દિન હોઈ...(૨)
મૈં તુઝ ઉપરિ માંડી મંડ[૫], ઘણૈ થોક કરિ કીજઈ ઘમંડ
ડોલા હીજો દેસ્યો દંડ, તુમચી વરતું આંણ અખંડ...(૩)
ભગવંત ! તુઝને પાયો ભમતાં, વચન રચન કહો મનગમતાં
તે તો સાહિબ સાહી[૬]સમતા, માહરે છે તુઝ ઉપરિ મમતા....(૪)
જગમૈ[૭] દાતા ન કહીત, દેન કહૈ નટી જાય નચિત્ત
આલ ન પૂગઈ કરિ અવસર ચિત્ત, તો થિત તો ઉપરિ પરતીતિ....(૫)
વાર[૮]વાર સ્યું કહિ જૈ ? કહણો, આંપણ તો એસો હી લહણો
આગલિ-પાછલિ જો હુવે દેણો, તો વચન બિરુદ ઉપરિ લહણો....(૬)
મેરા મન પ્રભુસેંતી અટકયા, ભેદ ન પાઉં તુમચા ઘટકા
તતવિરિયાં હસિ કરિ દે સટકા, વાતાંરી વાતર તાલ્યાંરા પટકા....(૭)

સુરરાય[૯]-સુત! તુમહી ન ટરણા, એ તો મઈ કીધી આચરણા
ધાર્યા સો હમ તુમ ચિત્ત ધરણા, એ તે પરિ ઈતના કયા કરણા ?....(૮)
ઈતણા દિન તે વચન ભલાઈ, **કુંથુનાથ** કરી મુઝ કાંઈ
પોતાની લાજ વડાઈ દે, અવિચલ પદવી **ઋષભ** મનાઈ....(૯)

---

૧. મારા ૨. વિશ્વાસ થાય ૩. તમારી ૪. આજ્ઞા ૫. રઢ=ગાઢ=પ્રીતિ ૬. ધરાવે ૭. જગમાં તે દાતા ન કહેવાય જે દેવાનું કહી નિશ્ચિતપણે ઈન્કાર કરી દે ૮. વારંવાર શું કહેવું ૯. કુંથુનાથ પ્રભુજીના પિતાજીનું નામ

## કર્તા : શ્રી ઉદયરત્નજી મ.

વાઈવાઈ રે અમરી વિણ વાજે, મૃદંગ રણકે રે
ઠમક પાય વિછુવા ઠમકે, ભેરી ભણકે રે—વાઈ૦ (૧)
ઘમઘમઘમ ઘુઘરી ઘમકે; ઝાંઝરી ઝમકે રે
નૃત્ય કરતી દેવાંગના, જાણે દામિની દમકે રે—વાઈ૦ (૨)
દોદો કિંદો દુંદુભિ વાજે, ચૂડી ખલકે રે
ફૂદડી લેતાં ફૂમતી ફરકે, ઝાલ ઝબૂકે રે—વાઈ૦ (૩)
**કુંથુ** આગે ઈમ નાચ નાચે, ચાલને ચમકે રે
ઉદય-પ્રભુ બોધિબીજ આપો, ઢોલને ઢમકે રે—વાઈ૦ (૪)

## કર્તા : શ્રી જિનવિજયજી મ.

(દીઓ દીઓ નણંદ હઠીલી-એ દેશી)

મનમોહન કુંથુજિણંદ ! મુજ મન મધુકર[1]-અરવિંદારી-જગવંદન જિનરાયા
સૂર[2]-નંદ[3] અમરપદ આપે, યા સુનતાં અચરિજ વ્યાપેરી–જગ૰ (૧)
અજ્ઞાનનો લેશ ન દીસે, અપરાધીશ્યું પણ નવી રીસેરી–જગ૰
અયલે પણ અલિક[4] ન ભાસે, ધરી મત્સર મરમ ન દાખેરી–જગ૰ (૨)
મદ માન માયા રતિ-લોભા, નહી રાગ અરતિ શોખ ખોભારી–જગ૰
હિંસા નિંદ્રા ક્રીડા ચોરી, ત્રાડી દુવિધ પ્રસંગની દોરીરી–જગ૰(૩)
ઈમ દોષ અઢારે નાઠા, જેહ કાળ અનાદિના કાઠારી–જગ૰
ચોત્રિશ અતિશય ગુણખાણી, વિચરે પ્રભુ કેવળનાણીરી–જગ૰ (૪)
ગણધર વાણી[5]-ગુણસરીખા, સાઠ સહસ મુનિ સુપરિખારી[6]–જગ૰
**શ્રી ક્ષમાવિજય** ગુરૂ નામે, સેવક **જિન** સંપદ પામેરી–જગ૰ (૫)

---

૧. મનરૂપ ભ્રમરા માટે કમળ જેવા ૨. પ્રભુજીના પિતાનું નામ ૩. પુત્ર ૪. મોડું ૫. વાણીના ગુણ=પાંત્રીશ, એટલે પાંત્રીશ ગણધરો છે ૬. સારી પર્ષદા છે.

## કર્તા : શ્રી જિનવિજયજી મ.

### (દેશી લલનાની)

કરૂણા કુંથુજિણંદની, ત્રિભુવન મંડળમાંહિ—લલના૦
પરમેશ પંચ કલ્યાણકે, પ્રગટ ઊદ્યોત[1] ઉચ્છાહ —લલના૦ કરૂણા૦(૧)
સુર-સુત તન ષટ[2]-કાયને, રાખે અચરિજ રૂપ-લલના૦
ભાવ અહિંસક ગુણતણો, એ વ્યવહાર અનૂપ[3] —લલના૦ કરૂણા૦(૨)
દીધો દુષ્ટ વ્યંતરથકી, છાગ[4] રહ્યો પગ આય—લલના૦
પરમ કૃપાળુ પ્રભુ મિળે, કહો કિમ અળગો[5] થાય —લલના૦ કરૂણા૦(૩)
શાંત અનુમત વયતણો, લોકોત્તર આચાર—લલના૦
ઉદયિક પણ અરિહંતનો, ન ધરે વિષય વિકાર —લલના૦ કરૂણા૦(૪)
અસંખ્ય પ્રદેશે પરિણમે, અવ્યાબાધ અનંત—લલના૦
વાનગી અવની-મંડલે, વિહારે ઈતિ[6] સમતંત —લલના૦ કરૂણા૦(૫)
જગજંતુ જિનવરતણે, શરણે સિદ્ધિ લહંત —લલના૦
**ક્ષમાવિજય**-જિનદેશના, જલધરપરે વરસંત —લલના૦ કરૂણા૦(૬)

---

૧. અજવાળું ૨. છ કાયને ૩. અપૂર્વ ૪. બોકડો ૫. દૂર ૬. ઉપદ્રવ

## કર્તા : શ્રી હંસરત્નજી મ.

### (દુલહો દુલહો કુમર કુમરી દુલહણીજી-એ દેશી)

દુલહો[1] મેળો[2] શ્રી જિનરાજનોજી, જોતાં એ જગમાંહિ રે
પ્રાપતિ[3] વિણ કિમ પામીએજી ? સુગુણ[4]-સાહિબની બાંહિ રે—દુલહો૦(૧)

નાટિક વિવિધ પરે નાચતોજી, પ્રાણી સંસારને સંગ રે
મોહિ[5] રે મૃગતૃષ્ણા પરેજી, રાચે નવ નવ રંગ રે—દુલહો૦(૨)

મનડું ચપળ ચિહુંદિશ ભમેજી, ખિણ થિરતા નવિ થાય રે
ક્રમક્રમ વિટંબન વિચમાંહિ નડેજી, પ્રભુશું કિમ મળાય રે ?—દુલહો૦(૩)

જિંહા લગેર કારણ સકળ મળે નહીંજી, તિહાં લગે ન મળે હો કાજ રે
નિર્મળ ધ્યાન પાએ શી પરે મળેજી ? જગ વલ્લભ જિનરાજ રે—દુલહો૦(૪)

જાગ્યા રે મુજ મન આજથીજી, નિર્ભય તેહ અત્યંત રે
સાહિબ **કુંથુ**-જિણેસર ભેટવાજી, અધિક થઈ મન ખંતરે—દુલહો૦(૫)

હવે હું ભગતીતણે જોરે કરીજી, અંતર ટાળું દૂર રે
**હંસરત્ન** કહે પ્રભુ હેજથીજી, જિમ લહુ સુખ ભરપૂર રે —દુલહો૦(૬)

---

૧. મુશ્કેલ ૨. સંયોગ ૩. ભાગ્ય=શુભકર્મ ૪. સારા ગુણીયલ ૫. મોહથી ૬. વિના

## કર્તા : શ્રી મોહનવિજયજી મ.

### (ચંદનરી કટકી ભલી-એ દેશી)

**કુંથુ**-જિણંદ કરૂણા કરો, જાણી પોતાનો દાસ-સાહિબા મોરા,
શું જાણી અળગા રહ્યા ? જાણ્યું કો આવશે પાસ—સાહિબા૦
અજબ રંગીલા પ્યારા, અકળ[૧] અલક્ષી[૨] ન્યારા,
પરમ સસનેહી માહરી વિનતિ...(૧)
અંતરજામી વાલ્હા, જોવો મીટ[૩] મિલાય; સાહિબા૦
ખિણ મ હસો ખિણમાં હસો, ઈમ પ્રીત નિવાહો કિમ થાય—સાહિબા૦પરમ૦(૨)
રૂપી હોવો તો પાલવ[૪] ગ્રહૂં, અ-રૂપીનેં શું કહેવાય—સાહિબા૦
કાન માંડ્યા વિના વારતા, કહોનેજી કેમ બકાય ? —સાહિબા૦પરમ૦(૩)
દેવ ઘણા દુનીઆમાં છે, પણ દિલમેળો નવિ થાય—સાહિબા૦
જિણ ગામે જાવું નહિ, તે વાટ કહો શું પૂછાય ? —સાહિબા૦પરમ૦(૪)
મુજ મન અંતર-મુહૂર્ત્તનો, મેં ગ્રહ્યા ચપળતા દાવ—સાહિબા૦
પ્રીતિસમે તો જુઉં કહો, એ શો સ્વામી—સ્વભાવ ? —સાહિબા૦પરમ૦(૫)
અંતર શો ? મળિયાં પછે, નવિ મળિયો પ્રભુ મૂળ—સાહિબા૦
કુમયા[૫] કિમ કરવી ઘટે, જે થયો નિજ અનુકૂલ —સાહિબ૦પરમ૦(૬)
જાગી હવે અનુભવ દિશા, લાગી શું પ્રીત—સાહિબા૦
**રૂપવિજય** કવિરાયનો, કહે **મોહન** રસ-રીત—સાહિબ૦પરમ૦(૭)

---

૧. ન સમજાય તેવા ૨. ન દેખાય તેવા ૩. નજર ૪. છેડો ૫. અકૃપા

## કર્તા : શ્રી મોહનવિજયજી મ.

### (જાદવપતિ તોરણ આવ્યા-એ દેશી)

મુજ અરજ સુણો મુજ પ્યારા ! સાચી ભગતિથી કિમ રહો ન્યારા ?
સનેહી મોરા, કુંથુજિણંદ ! કરો કરૂણા...(૧)
હું તો તુમ દરિશણનો અરથી[૧], ઘટે કિમ કરી શકે કરથી રે—સનેહી૦
થઈ ગુરૂઆ એમ જે વિમાશો, તે તો મુજને હો અછે તમાસો રે—સનેહી૦....(૨)
લલચાવીને જે કિજે કિમ દાસને ચિત પતીજે રે—સનેહી૦
પદ મોટે કહાવો મોટા, જિણ, તિણ વાતેં ન હુઓ ખોટા રે —સનેહી૦....(૩)
મુજ ભાવમહેલમેં આવો, ઉપશમ-રસ-પ્યાલો ચખાવો રે
સેવકનો તો મન રીઝે, જો સેવકનું કારજ સીઝે[૨] રે—સનેહી૦....(૪)
મનમેળુ થઈ મન મેળો, ગ્રહે આવી મગ[૩]અવહેલો[૪]રે સ
તુમે જાણો છો એ કરૂં લીલા, પણ[૫]અરથી સરદહે કરી સીલા—સનેહી૦....(૫)
પ્રભુ ચરણસરોરૂહ લેહવું, ફળ પ્રાપતી[૬] -લેહણું લેવું રે સ૦
કવિ **રૂપ**-વિબુધ જયકારી, કહે **મોહન** જિન બલિહારી —સનેહી૦....(૬)

---

૧. ઇચ્છુક ૨. થાય ૩. પાછળથી ૪. તરછોડો તો પણ ૫. પણ ગરજવાનને તો તે શિલા=પથ્થર જેવું લાગે ૬. ભાગ્ય પ્રમાણે

## કર્તા : શ્રી રામવિજયજી મ.

(થારે કેસરીયે કેસવીરે, વાગે હું મોહીરે મારૂજી-એ દેશી)

તુજ મુદ્રા સુંદર રૂપ પુરંદર[1] મોહિયા—સાહિબજી
તુજ અંગે કોડિગમે ગુણગિરૂઆ[2] સોહિયા—સા૦
તુજ અમિયથકી પણ લાગે મીઠી વાણી રે—સા૦
વિણ દોરી સાંકળી લીધું મનડું તાણી રે—સા૦ (૧)
ખિણ ખિણ ગુણ ગાઉં પાઉં તો આરામ રે—સા૦
તુજ દરિસણ પાખે ન ગમે બીજા કામ રે—સા૦
મુજ હૃદયકમળ વિચ વસિયું તાહરૂં નામ રે—સા૦
તુજ મુરતિ ઉપર વારૂં તન મન દામ[3] રે—સા૦ (૨)
કર જોડી નિશદિન ઊભો રહું તુજ આગ રે—સા૦
તુજ મુખડું જોતાં ભૂખ ને તરસ ન લાગે રે—સા૦
મેં ક્યાંહિ ન દીઠી જગમાં તાહરી જોડ રે—સા૦
તુજ દીઠે પૂરણ પહુતાં મનના કોડ રે—સા૦ (૩)
તુજ ન ગમે નયણે દીઠા બીજા દેવ રે—સા૦
હવે ભવ ભવ હોજો મુજને તાહરી સેવ રે—સા૦
તું પરમપુરુષ પરમેસર અકળ સરૂપ રે—સા૦
તુજ ચરણે પ્રણમે સુર-નર કેરા ભૂપ રે—સા૦ (૪)
તું કાપે ભવદુઃખ આપે પરમાનંદ રે—સા૦
બલિહારી તાહરી પ્રભુજી કુંથુજિણંદરે—સા૦
મનવંછિત ફળિયો મળિયો તું મુજ જામરે[4]—સા૦
ઈમ પભણે વાચક **વિમળવિજયનો રામ** રે—સા૦ (૫)

---
૧. ઇંદ્ર ૨. ગુણથી ભરેલા ૩. ધન ૪. જયારે

## કર્તા : શ્રી રામવિજયજી મ.

### (રસીયાની-દેશી)

રસીયા ! કુંથુજિણેસર ! કેસર[૧]ભીની દેહડી રે લો
—મારા નાથજી રે લો—મા૦
રસીયા ! મનવંછિત વર પૂરણ, સુરતરૂ[૨]વેલડી રે લો—મા૦..(૧)
રસીયા ! અંજન[૩]-રહિત નિરંજન, નામ હીયેં ધરો રે લો—મા૦
રસીયા ! જુગત કરી મન ભગતે, પ્રભુ-પૂજા કરો રે લો—મા૦..(૨)
રસીયા ! શ્રીનંદન[૪] આનંદન, ચંદનથી સિરે રે લો—મા૦
રસીયા ! તાપ-નિવારણ તારણ-તરણ તરી[૫]પરે લો—મા૦..(૩)
રસીયા મનમોહન જગસોહન, કોહ[૬] નહી કિશ્યો રે લો —મા૦
રસીયા ! કૂડા[૭] કળિયુગ માંહી, અવર નકો ઈશ્યો રે લો—મા૦..(૪)
રસીયા ! ગુણ સંભારી જાઉં, બલિહારી નાથને રે લો—મા૦
રસીયા ! કોંણ પ્રમાદે છાંડે, શિવપુર સાથનેં રે લો—મા૦..(૫)
રસીયા ! કાચ તણે કોણ કારણ, નાંખે સુરમણિ[૮] રે લો—મા૦
રસીયા ! કોણ ચાખે વિષફળને, મેવા અવગણી રે લો—મા૦..(૬)
રસીયા ! સુર[૯]-નરપતિ સુત ઠાવો, ચાવો[૧૦] ચઉદિશે રે લો—મા૦
રસીયા ! વરસ સહસ પંચાણું, જિન પૃથવી વસે રે લો—મા૦..(૭)
રસીયા ! ત્રીશ ધનુષ પણ[૧૧] ઉપર, ઉચપણે પ્રભુ રે લો—મા૦
રસીયા ! ત્રણ ભુવનનો નાથ કે, થઈ બેઠો વિભુ રે લો—મા૦..(૮)

રસીયા ! અજ[૧૨] લંછન ગતલંછન[૧૩], કંચનવાન[૧૪] છે રે લો–મા૦
રસીયા ! રિદ્ધિ પૂરે દુઃખ ચૂરે, જેહના ધ્યાનથી રે લો–મા૦..(૯)
રસીયા ! બુધ શ્રી **સુમતિવિજય** કવિ, સેવક વિનવે રે લો–મા૦
રસીયા ! **રામ** કહે જિનશાસન, નવિ મૂકું હવે રે લો–મા૦.(૧૦)

---

૧. કેશર જેવી સુગંધી ૨. કલ્પવૃક્ષની વેલ ૩. દૂષણ વિનાના ૪. શ્રી માતાના પુત્ર ૫. નાવ ૬. ક્રોધ ૭. વિષમ ૮. ચિંતામણી ૯. પ્રભુજીના પિતા સૂરરાજાના પુત્ર ૧૦. પ્રખ્યાત ૧૧. પાંચ ૧૨. બકરો ૧૩. દૂષણ વિનાના ૧૪.ક્રાંતિ

## કર્તા : શ્રી કાંતિવિજયજી મ.

### (કઠિન વચનકી પ્રીત-એ દેશી)

કઠિન ભગતકી પ્રીત, હેરિબો[૧] ! કરિ સોઈ જાણે–કઠિન૦
લાખ જંજાળ ભગતિ કરનમેં, ઓછી ન આવે ચિત્ત–હેરીબો૦
છિન છિન ખબર પરે નહિ ઘટકી, તાસોં રહે ચિત્ત ભીતા–હે૦
ભગતીલગન મોં મનમાં બેઠી, જયું રાઘવમન સીતા–હે૦
જૈસી તૈસી મેરી ભગતિ ઉગનકું, માનિ લે મોહન મિત્ત–હે૦
**પ્રેમશું કાંતિ** કલાકું જગાવે, કુંથુભગતિ રસપ્રીત–હે૦

---

૧. ખરેખર

## કર્તા : શ્રી ન્યાયસાગરજી મ.

### (તુમ રહોરે આજિમ ! દો ઘરિયાં-એ દેશી)

તુમ રહોરે પ્રીતમ ! પાય પરિયાં, રૂપે રતિ **શ્રીરાની**-જાયા,
અરજ કરેં અંતેઊરીયાં—તુમે૦ (૧)
સુર નૃપતિ કે ધોટે[1] મોટે, કયું ન કરો હમ દિલ[2] વરીયાં—તુમે૦ (૨)
નાહ વિવાહ ઉછાહ કરીઆએ, અવગુન બિન કયું પરિહરિયાં—તુમે૦ (૩)
ષટ ખંડ જીતી અરિ વશ કીનેં, ભુંજે બિન કયું ફલ હરિયાં[3]—તુમે૦ (૪)
વિલપતી નેહ-દીવાથી લલના, ત્યજી જિન સંયમ-સ્ત્રી વરીયાં—તુમે૦ (૫)
કેવલ પામી ત્રિગડે બેઠે, બાની સુનિ નવિ દિલ ઠરીયાં—તુમે૦ (૬)
**ન્યાયસાગર** પ્રભુ લીલા બહુલી, મહાનંદ પદ અનુસરિયાં—તુમે૦ (૭)

૧. પુત્ર ૨. મનપસંદ ૩. છોડી દીધા

## કર્તા : શ્રી ન્યાયસાગરજી મ.

### (રાગ-કાફી બંગાલો-કિસકે ચેલે કિસકે પૂત-એ દેશી)

**કુંથુ**જિણેસર પ્રણમે પાય, સકળ સુરાસુર રાયારાય પ્રભુપૂજીયે !
હાંરે મેરે ભવભયકળિમળ જાય, સવિ મંજીયે (૧)
સત્તર ભેદે સંયમ આરાધી, પામી રે જેણે સહજ સમાધિ—પ્રભુ૦ (૨)
મેષ લંછન મિસે કરતો રે સેવ, દીન પશુપણું ટાળો દેવ—પ્રભુ૦ (૩)
**શ્રીનંદન** પણ કામનો મર્મ, નહિ અચિરજ એ દિયેં સહુ શર્મ—પ્રભુ૦ (૪)
**સુરપૂત્ર** જિતે ષટ ખંડ, યુગતું છે જસ આણ અખંડ—પ્રભુ૦ (૫)
ચક્રી છઠ્ઠો સત્તરમો જિન દોય, **ન્યાયસાગર** કહેં સનમુખ જોય—પ્રભુ૦ (૬)

## કર્તા : શ્રી પદ્મવિજયજી મ.

(દેશી-રસીયાની)

થુજિનેસર પરમ કૃપાગુરૂ[1], જગગુરૂ જાગતી જ્યોત-સોભાગી
ારધ પલ્યોપમ અંતર **શાંતિથી, કુંથુ** જિણંદ વિચે હોત—સો૦ (૧)
ાવીઆ શ્રાવણ વદિ નવમી દિને, વૈશાખ વદિમાં રે જન્મ—સો૦
ૌદશને દિને તે પ્રભુ પ્રણમતાં, બાંધે નવિ કોય કમ્મ—સો૦ (૨)
ાંત્રીશ ધનુષ પ્રમાણ દેહડી, કંચન વાને રે કાય—સો૦
ૈશાખ વદિ પાંચમે દીક્ષા ગ્રહી, તપ કરી કર્મ જલાય—સો૦ (૩)
ૈત્ર સુદિ ત્રીજે જ્ઞાની થયા, આયું પંચાણું હજાર—સો૦
ારસ વૈશાખ વદિ પડવે શિવ વર્યા, અશરીરી અણહાર—સો૦ (૪)
ુરઘટ[2] સુરગવી[3] સુરમણી[4] ઓપમા, **જિન-ઉત્તમ** લહે જેહ—સો૦
ુજ મન વંછિત પ્રભુજી ! આપજો, **પદ્મવિજય** કહે એહ—સો૦ (૫)

૧. કૃપાના દરિયા ૨. કામકુંભ ૩. કામધેનુ ૪. ચિંતામણિ રત્ન

## કર્તા : શ્રી પદ્મવિજયજી મ.

(સઈયાં મોરી રે ! ચાંદલીઓ ઉગ્યો ને મધ્ય-રાતનો રે—એ દેશી)

રાત-દિવસ નિત સાંભરે ! રે, જિનજી મોરા રે ! દેખી તાહરૂં રૂપ લાલ
—લાલ ગુલાલ આંગી બની રે૦ તુજ ગુણ જ્ઞાનથી માહરૂં રે,
જાણ્યું શુદ્ધ સ્વરૂપ - લાલ — જિન૦(૧)
તેહ સ્વરૂપને સાધવા રે, કીજે જિનવર સેવ-લાલ
દ્રવ્ય-ભાવ- દુ-ભેદથી રે, દ્રવ્યથી જિમ કરે દેવ-લાલ—જિ૦ લાલ૦(૨)

મોગર માલતી કેવડા રે, લ્યો ! માહરા **કુંથુજિન**ને કાજ-લાલ
લાખેણો રે ટોડર કરી રે, પૂજો શ્રી જિનરાજ-લાલ–જિ૦ લાલ૦(૩)

કેશર ચંદન ધૂપણાં રે, અક્ષત નૈવેદની રે–લાલ૦
દ્રવ્યથી જિનની પૂજા કરો રે, નિરમલ કરીને શરીર લાલ–જિ૦ લાલ૦(૪)

દ્રવ્યથી ઈમ જિન પૂજા કરી રે, ભાવથી રૂપાતીત સ્વભાવ–લાલ૦
નિઃકર્મ્મા ને નિઃસંગતા રે, નિઃકામી વેદ અભાવ–જિ૦ લાલ૦(૫)

આવરણ સવિ થયા વેગળા રે, ઘાતી-અઘાતી સ્વરૂપ-લાલ૦
બંધ ઉદયને સત્તા નહિ રે, નિજ ગુણના થયા ભૂપ-લાલ–જિ૦ લાલ૦(૬)

મુજ આતમ તુજ સારિખોરે, કરવાને ઉજમાળ-લાલ
તે **જિન-ઉત્તમ** સેવથી રે, **પદ્મ**ને મંગળમાળ-લાલ –જિ૦ લાલ૦(૭)

## કર્તા : શ્રી વિજયલક્ષ્મીસૂરિ મ.

### (શાંતિજિન એક મુજ વિંનતિ-એ દેશી)

**કુંથુજિન** આગમ-વયણથી, જાણીયે હેતુ સ્વરૂપ રે
સ્યાદ્વાદ રચનાયે હઠ વિના, સરાહે જે જ્ઞાની અનૂપ રે
માહરી ઓળગ ચિત્ત ધારીયે૦ (૧)

કાળ સ્વભાવ ભાવિમતિ, કર્મોદ્યમ એહ પંચ રે
સમવાયે સમક્તિ ગુણ લહે, મિથ્યા એકાંત પરપંચ રે–મા૦ (૨)

સમયવાદી કહે જગતમાં, કાળ કૃત સકલ વિભૂતિ રે
ષટરૂતુ જિન ચક્રી હરીબળા, અંબગર્ભાદિ પ્રસૂતિ રે–મા૦ (૩)

સ્વભાવવાદી વદે વસ્તુમાં, અનેક પરિણમન સ્વભાવ રે
તંતુગુણ પટપણે સંભવે, પિંડ ઘટ લકુટથી નાવ રે—મા૦ (૪)
**ભાવિ** કહે વચન ઈણીપરે, કિજીયે કોટી ઉપાય રે,
તદપિ પ્રમાણ નિયતિ હોવે, **સુભૂમ** ચરિતથી મનાય રે—મા૦ (૫)
કાળ સ્વભાવ નિયતિ વિના, કર્મહેતુ સત્ય રૂપ રે
સુર નર કુંજરાદિક ગતિ, દાયકર્મ્મ એક ભૂપ રે—મા૦ (૬)
કહે **ઉદ્યમ** પ્રતિવાદીને, ઉદ્યમાધીન સવિ કામ રે,
નહી હોયેં તૃપતિ અન્ન દેખીનેં, એક પ્રયાસ ગુણધામ રે—મા૦ (૭)
પંચ નય નિજ મત થાપતા, લહી તુજ પદ તરૂછાંય રે
મિથ્યામતિ દૂરેં કરી ધારીયેં, મન વિષે પંચ સમવાય રે—મા૦ (૮)
નિયતવર્ષે કર્મ ખપાવીને, ભવથિતિ તણે પરીપાકે રે
**વીર્ય પંડિત** ભવ્ય-ભાવથી, મિટે ભવદોહગ છાકે રે—મા૦ (૯)
**કુંથુજિન** ચરણ સેવનથકી, પામી શુભ કારણ જોગ રે
**સૌભાગ્ય લક્ષ્મી સૂરિ** સુખ લહે, પરમ સમાધિ સંયોગ રે—મા૦ (૧૦)

## કર્તા : શ્રી કીર્તિવિમલજી મ.

**(નદી યમુના કે તીર ઉડઈ દોઈ પંખીયા એ-દેશી)**

**કુંથુ જિનેસર** દેવ, સેવા પ્રભુ તુમતણી રે —સેવા૦
કીજેં આતમ એક-મના થઈ તે ઘણી રે —મના૦
ચિંતામણિ કામધેનુ-પ્રભુ નિત્યે ખરી રે —પ્રભુ૦
કલ્પવૃક્ષ કામકુંભ-સમાણી ચિત્ત ધરી રે —સમાણી૦ (૧)
તેહથી અધિકી સેવ, સ્વામીની જાણીએ રે —સ્વામી૦

તેહમાં નહિ સંદેહ કે, મનમાં આણીએ રે —મન૦
તુમ્હ સેવાથી રાજ ઋદ્ધિ સંપદ સવિ રે —ઋદ્ધિ૦
વળી સુરા-સુર-ઇંદ્રાદિક પદવી હવી રે —ઇંદ્રા (૨)
તીર્થંકર-પદવી લહે, સેવાથી જના રે—સેવાથી૦
જિમ **શ્રેણિક** નરનાથ, પામ્યો પ્રભુ નામના રે —પામ્યો૦
**રાવણ** નામ નરેન્દ્ર **અષ્ટાપદ** આવીયો રે —અષ્ટા૦
તે પામ્યો જિન પદવી, નાટક ભાવીઓ રે —નાટક૦ (૩)
જિહાં નહિ રોગને શોક, જન્મ મરણ નહિ રે —જન્મ૦
અનંત જ્ઞાન દર્શન, સુખ વીર્ય તે સહી રે —સુખ૦
સિદ્ધપુરી એને નામે-લોકાંતે અતિ ભલી રે—લોકાંતે૦
પ્રભુ ચરણ-સેવાથી આતમ પામીશ તે ભલી રે—પામીશ૦ (૪)
**સુર** રાજા જસ તાત-**શ્રીમાતા** જાણીયે રે—શ્રીમાતા૦
દેહ કંચનમય પાંત્રીશ,ધનુષ વખાણીયે રે—ધનુ૦
**છાગ** લંછન સુખકારક, ગજપુરે રાજિયો રે—ગજ૦
**ઋદ્ધિ-કીર્ત્તિ** સુખ આપશે, સેવક દુઃખ ભાજિઓ રે—સેવક૦ (૫)

## કર્તા : શ્રી દાનવિમલજી મ.

કુંથુ જિનેશ્વર વિંનતિ-મુજ મનનીજી
વિનતી કરૂં વારંવાર-સુણો ભવભવનીજી......(૧)
ઘણા પુણ્યે તુમ્હ પામીયો-સુખદાતાજી
મુખ પંકજ દીદાર-થઇ મન શાતાજી......(૨)
મેં નિશ્ચય સેતી તું ધર્યો-ચિત્ત હરખેજી

નાણું લઈ જેમ કોઈ ખરો-નિજ પરખેજી......(૩)
કંચન કસોટી ચાટતાં - ખરૂં ખોટું જી
તિમ તુંહી જ મુજ સ્વામી—માહત્મ્ય મોટુંજી......(૪)

પ્રેમ ધરીને નિરખીયો-સુણ સ્વામીજી
મીઠી મહેર કરીરે, નવનિધ પામીજી......(૫)

## કર્તા : શ્રી વિનીતવિજયજી મ.

### (રહો રહો રહો રહો વાલહા-એ દેશી)

**કુંથુનાથ** જિનવર જયો સૂરનરેસર-નંદ-લાલ રે
ભાવે ભવિઅણ ભેટતાં, આપે વંછિત વૃંદ-લાલ રે—કુંથુ૦ (૧)
અહો ! અહો ! અહો ! જિન ! તાહરી, ઋદ્ધિ અનંતી કોડ-લાલ રે,
સુર-નરના જે રાજવી, પ્રણમે બે કર-જોડ-લાલ રે—કુંથુ૦ (૨)
કનક-રયણ-મણિમંદિરે, દેવ કરે વસુવૃષ્ટિ-લાલ રે
ચક્રોની પણ રિદ્ધિથી, તે વળી થઈ ઉત્કૃષ્ટી-લાલ-રે—કુંથુ૦ (૩)
રજત રતન સોવન તણા, ત્રણ ગઢ ઝાકઝમાળ-લાલ રે
દશદિશને પ્રકાશતા, જોજન ભૂમિ વિશાળ-લાલ રે—કુંથુ૦ (૪)
ચઉત્રીશ અતિશય રાજતા, સેવે પરષદ બાર-લાલ રે
**મેરૂવિજય** ગુરૂ-શિષ્યને, દીજે રિદ્ધિ રસાલ-લાલ રે—કુંથુ૦ (૫)

## કર્તા : શ્રી અમૃતવિજયજી મ.

(રાગ બીલાવર)

**શ્રી કુંથુજિનેસર** વિનતિ, અવધારિયે દિલમેં લાઈરી
ખિજમતમેં ખામી નહિ મેરી, તુમ કબ હોગે ફલદાઈરી–શ્રી૦(૧)

હાથ જોડી આગળ રહું, ધરૂંનિશિ વાસર તેરો ધ્યાનરી
યોં કરતે લ્યાઓ નહી ચિત્તમેં, કહા કહિયે બાતન કાનરી–શ્રી૦(૨)

કછું નાહિ ખજાને ખોટહૈ, કીજે વંછિતદાન પસાયરી
કિરકે ગરીબનિવાજ કહાવો, અરૂ દેત ઘટ નહી જાયરી–શ્રી૦(૩)

અબદેતે કછુ ન બિચારિયે, સ્વામી કાલ લબ્ધિકો દોષરી
ભાવલબ્ધિ રહી તુમ કર તાસો, દીજે અનુભવ **અમૃત** પોષરી–શ્રી૦(૪)

## કર્તા : શ્રી પ્રમોદસાગરજી મ.

(મ કરો માયા કાયા કારમી-એ દેશી)

રંગ લાગ્યો-પ્રભુ-રૂપશું, તું જયો [૧]**કુંથુ** જિનરાય રે ।
દેહની કાંતિ [૨]**કંચનસમી**, [૩]ગજપુર **સુરનૃપ** તાય રે–રંગ૦।।૧।।

રાણી [૫]સિરી જેહની માતૃકા, પાંત્રીશ [૬]ચાપ①ની દેહરે,
સેવતો [૭]છાગ લંછન મિસેં, કિમ દીયે પ્રભુ તસ છેહ રે–રંગ૦।।૨।।

જેહને પાંત્રીસ[૮] ગણધરા, મુનિજન[૯] સાઠ હજાર રે ।
[૧૦]સાઠ સહસ પ્રભુ સાહુણી, ખટશત અતિ મનોહાર રે–રંગ૦।।૩।।

[11]યક્ષગંધર્વ [12]બલા જક્ષિણી, દોય કરે શાસન સેવરે ।
વરસ પંચાણું સહસ [13]આઉખું, તુંહી તુંહી સહી દેવરે—રંગ૦।।૪।।
જ્ઞાનગુણ-કુસુમ તનુવાસિત, ભાસિત લોક અલોક રે ।
**પ્રમોદસાગર** પ્રભુ ચિત્તે ધરો, જિમ ધરે [2]રૂદિનકર [3]ઉકોકરે—રંગ।।૫।।

---

૧. ધનુષ્ય ૨. સૂર્ય ૩. ચક્રવાક પક્ષી

## કર્તા : શ્રી ભાણચંદ્રજી મ.

### (અજિત સયાને જિનજી ! અજિત સયાને-એ દેશી)

તીરથ નાયક લાયક **કુંથુ** થુણીજે
**કુંથુ** થુણીજે નિજ વીનતિ ભણીજે—સા૦
સાહિબ અરજ સુણીજે, અરજ સુણીને જે લેખી ગણી જે—સા૦
નિજપદસેવક જાણી વંછિત કીજે, વંછિત દેઈ આશા પૂરણ કીજે—સાહિબ૦।।૧।।
સુરતરૂ સમ સુખદાયક જાણી
જાણીને સ્વામી આગળ માંડયો છે પાણિ—સા૦
તુમસમ દાયક બીજો નહીં ગુણ ખાણી
ત્રિભુવન પ્રભુતા સઘળી તુજમેં સમાણી—સાહિબ૦।।૨।।
રાગી જે દેવા જગમેં તેને ન યાચું
યાચું તો માચું પ્રભુજી મુખથી રાચું—સા૦
તું જિન આપે તે તો નહી કાચું
જાચું જે આપે છે તે શિવસુખ સાચું—સાહિબ૦।।૩।।

યદ્યપિ બહોળા યાચક છે તુજ સ્વામી
સ્વામી તું માહરે એક અંતર જામી—સા૦
આશ્રિત ઉવેખિયે વિસરામી
ધામીયે શિવસુખ એહવો અવસર પામી—સાહિબ૦॥૪॥

ખોટ ન દીસે કોઈ પ્રભુને ખજાને
શ્યાને વિલંબ કરો મુજ દાને—સા૦
**વાઘજી** મુનિનો **ભાણ** પ્રભુ બહુ માને
નિજ માનવ ભવ ધન્ય ધન્ય માને—સાહિબ૦॥૫॥

## કર્તા : શ્રી ખુશાલમુનિજી મ.

**કુંથુ** જિણેસરરે સ્વામી માહરા, તુમે છો સુગુણા રે જગદાધાર ।
નિજ-સેવકની રે સેવા જાણો, કીજે કરૂણા રે એ છે ટાણો.....॥૧॥

મનના માન્યા રે મન આણી, આસંગાયતરે તેહની વાણી,
વધતું-ઘટતું રે જે કહેવાશે, પણ ચિત્તમાંરે નહી દુહવાશે....॥૨॥

વિણ-માગ્યાથીરે ફળ જે આપે, તેહનો મહિમારે જગમાં વ્યાપે !
એહવો ગિરૂઓરે સાહિબ કહિજે, તેહને ચરણેરે અહનિશિ રહીજે.....॥૩॥

આવો આવોરે પરઉપગારી, થઈ એકાંતેરે વાતો સારી ।
ગુણની ગોઠેરે આપણ કીજે, જેહથી દુખડાંરે સહુએ છીજે...॥૪॥

દીનપણાનાં રે વયણ કહાવે, તેહજ દાતારે શોભા ન પાવે ।
ચતુર સનેહારે ગુણના ગેહા, હું છું ચાતક રે તુમે છો મેહા...॥૫॥

એક લહેરમાં સુખડાં કરશો, મુજ પાપીનેરે તુમે ઉગારશો ।
નેક નજરશું રે સાહમું જોવો, કરમ-રિપુને રે દૂરે ખોવો....॥૬॥
એક કારજમાંરે ઢીલ ન કરવી, વળી વિનતડીરે ચિત્તમાં ધરવી ।
**અખયચંદ સૂરીસરરે** હિતશું જોશે, **ખુશાલ મુનિનારે** કામિત હોશે....॥૭॥

## કર્તા : શ્રી ચતુરવિજયજી મ.

### (હાંજી અજિત-જિણંદશું પ્રીતડી-એ દેશી)

હાંજી ! સુરતરૂસમો વડ સાહેબો, જિન **કુંથુ** હો ! **કુંથુ** ભગવાન કે
હું તુજ દરિશણ [1]અલજયો, કર કરૂણા હો કરૂણા બહુમાન કે–સુર૦॥૧॥
જેમ શશિ સાયરની પરે, વધે વધતી હો જિમ વેલની રેલ કે
તેમ મુજ આતમ અનુભવે, નવિ મૂકે હો ! બહુલો તસ મેવ કે–સુર૦॥૨॥
છીલર જલ જબ ગ્રહી પીવે, મૂરખ હો ! કોઈ ચતુર સુજાણ કે ।
નિરમળ ચિત્તના ચિત્તધણી, જાણે માણે હો ! ગુણની ગુણખાણ કે–સુર૦॥૩॥
ચિત્ત ચોખે મનમોકળે, ધરે તાહરૂં હો ! નિરમળ જે ધ્યાન કે ।
તો તસ સવિ સુખ-સંપદા, લહે ખિણમાં હો ! ખિણ માંહે જ્ઞાન કે–સુર૦॥૪॥
મહેર કરો મહારા નાથજી ! જાણી પ્રાણી હો એ તુમચો દાસકે ।
**નવલવિજય** જિન સાહેબા, તુમે પૂરો હો **ચતુરની** આશ કે–સુર૦॥૫॥

## કર્તા : શ્રી દેવચંદ્રજી મ.

### (ચરમ જિણેસરૂ-એ દેશી)

સમવસરણ બેસી કરી રે, બારહ પરષદ માંહિ ।
વસ્તુ-સ્વરૂપ પ્રકાશતા રે, કરૂણાકર જગનાહો રે—કુંથુ૦.॥૧॥

કુંથુજિનેસરૂ.... ! નિરમલ તુજ મુખ વાણિ રે ।
જે શ્રવણે સુણે, તેહિજ ગુણ-મણિ-ખાણિ રે—કુંથુ૦.॥૨॥

ગુણ-પર્યાય અનંતતા રે, વળી સ્વભાવ અ-ગાહ ।
નય-ગમ ભંગ-નિક્ષેપ ના રે, હેયાદેય-પ્રવાહ રે—કુંથુ૦.॥૩॥

**કુંથુનાથ** પ્રભુ દેશના રે, સાધન સાધક સિદ્ધ ।
ગૌણ-મુખ્યતા વચનમેં રે, જ્ઞાન તે સકલ સમૃદ્ધ રે—કુંથુ૦.॥૪॥

વસ્તુ અનંત-સ્વભાવ છે રે, અનંત કથક તસુ નામ ।
ગ્રાહક અવસર-બોધથી રે, કહેવે અર્પિત-કામો રે—કુંથુ૦.॥૫॥
શેષ અનર્પિત-ધર્મને રે, સાપેક્ષ શ્રદ્ધા-બોધ ।
ઉભય-રહિત ભાસન હવે રે, પ્રગટે કેવલ-બોધ રે—કુંથુ૦.॥૬॥
છતી પરિણતિ ગુણ-વર્તનારે, ભાસન ભોગ આણંદ ।
સમકાળે પ્રભુ ! તાહરે રે, રમ્ય-રમણ ગુણવૃંદો રે—કુંથુ૦.॥૭॥
નિજ-ભાવે સિય અસ્તિતા રે, પર-નાસ્તિત્વ-સ્વભાવ ।
અસ્તિપણે તે નાસ્તિતા રે, સિય તે ઉભય-સ્વભાવો રે—કુંથુ૦.॥૮॥
અસ્તિ-સ્વભાવ જે આપણો રે, રૂચિ વૈરાગ્ય-સમેત ।
પ્રભુ સન્મુખ વંદન કરી રે, માગીશ આતમ-હેતો રે—કુંથુ૦.॥૯॥

અસ્તિ-સ્વભાવ જે રૂચિ થઈ રે, ધ્યાતો અસ્તિ-સ્વભાવ ।
દેવચંદ્ર પદ તે લહે રે, પરમાનંદ જમાવો રે—કુંથુ૦.।।૧૦।।

## કર્તા : શ્રી જીવણવિજયજી મ.

### (હાં રે ! મારે ઠામ ધરમના)

હાંરે ! જગજીવન અ-નાથનો કહીયે **કુંથુનાથ** જો,
નેહડલો નિત્ય નવલો તિણશું કીજીયે રે લો ।
હાંરે ! ઓવારણ કાજે તન-મન ધન અતિ સાર જો,
નરભવ પામી ઉત્તમ લાહો લીજીયે રે લો૦...।।૧।।
હાંરે ! પ્રભુ થયા થશે, ને છે તસ એક જ રીત જો,
[૧]ગાઢા છે નિરાગી પણ ગુણરાગિયા રે લો ।
હાંરે ! પ્રભુ જોઈ ભવિ-પ્રાણી જાણીને મન-ભાવ જો,
તેહને રે નિજ વાસ દિયે વડભાગિયા રે લો૦...।।૨।।
હાંરે ! મધ્યવર્તી થઈને હિયડું જે લીએ હાથ જો,
ઉત્તમ છે જે અનુભવ-રસ તે ચાખિયે રે લો ।
હાંરે ! તે રસ પીધાથી જે લહે જીવ સુવાસ જો
[૨]અ-વિયોગી-સુખ ઓપમ કેહી દાખિયે રે—લો૦।।૩।।
હાંરે ! [૩]દુ:ખ-આકર તરવા [૪]તૃષ્ણા રાખે જેહ જો
નેહડલો નિત્ય માંડે જિન નિકલંકથી રે—લો।
હાંરે ! [૫]અતિ-આતુર થઈ જે સેવે સુર [૬]સ-કલંક જો,
[૭]જન-હાંસો [૮]મન-ધોખો થાયે રંકથી રે—લો૦।।૪।।

હાંરે ! ચતુર નર તેહને કહિયે કલિયુગમાંહી જો,
સાચા રે શિવગામી સાહિબ ઓળખે રે લો।
હાંરે ! કવિ **જીવવિજય**નો જીવણ કહે કર જોડી જો.
તરશે તે જિનરાજ હૃદય મેં જે રખે રે–લો૦॥૫॥

૧. ખૂબ જ ૨. શાશ્વત ૩. દુઃખનો સાગર ૪. ઉત્કંઠા ૫. ખૂબ લાગણીથી ૬. દોષવાળા લૌકિક દેવો ૭. લોકોમાં મશ્કરી ૮. ખોટો દિલાસો

## કર્તા : શ્રી દાનવિજયજી મ.

## (એ તીરથ તારું)

**કુંથુ-જિનેસર** પર ઉપગારી, સાહિબ શિવ-સુખકારી રે, –પ્રભુશું મન માન્યું।
મેં તુજ સાથે કરી એકતારી, કીધો રંગ [૧]કરારી રે–પ્રભુ૦॥૧॥
સુપને પણ ન ગમે મુજ દીઠા, દેવ અનેરા દીઠા રે–પ્રભુ૦
જિણે ચાખ્યા રસ અમૃત મીઠા, આછણ[૨] તાસ અનીઠા રે–પ્રભુ૦॥૨॥
જેહ હંસ માનસ-સર [૩]નાહે, તે કિમ છિલ્લર વર ચાહે રે–પ્રભુ૦
ચિંતામણિ હોય જસ કર માંહે, કાચને કહો ! કિમ [૪]સાહે રે–પ્રભુ૦॥૩॥
સાચા સાજન જેહ મિલીયા, અંતર-હિત અટકળિયા રે–પ્રભુ૦
તે દુર્જનથી દૂરે ટળિયા, ભોળપણે નવિ ભળિયા રે–પ્રભુ૦॥૪॥
અલવેસર ! તું અંતરજામી, પરમ-પુરૂષ પ્રભુ પામી રે–પ્રભુ૦
ખિજમતમાં નવિ કરશું ખામી, **દાન** કહે શિર નામી રે–પ્રભુ૦॥૫॥

૧.મજબૂત ૨.છાશની ઉપરનું પાણી ૩. સ્નાન કર્યું ૪. સ્વીકારે

## કર્તા : શ્રી મેઘવિજયજી મ.

### (સાંભળજો મુનિ સંજમ-રાગે-એ દેશી)

આવો રે મન-મહેલ હમારે, જિમ સુખ-[1]બોલ કહાય રે !
સેવકને અવસર પૂછો, તો વાતે રાત [2]વિહાય રે—આવો૦॥૧॥
અપરાધી ગુણહીણા ચાકર, ઠાકુર નેહ [3]નિવાજે રે
જો [4]તે અવર નરા દિશિ દૌરે, પ્રભુ ! ઈણ વાતે લાજે રે,—આવો૦॥૨॥
કુંથુ-જિનેસર-સરખા સાંઇ, પર-ઉપગારી પૂરા રે
ચિત્તવંતા ચાકર નવિ તારે, તો શ્યા અવર અધુરા ! રે—આવો૦॥૩॥
મુજ અનુચરની [5]મામ વધારો, તો પ્રભુ વ્હેલા પધારો રે !
ઉંચી-નીચી મત અવધારો, સેવક-જન્મ સુધારો રે—આવો૦॥૪॥
**શ્રી** નામે જનની ધન્ય જિનની, જિણે જન્મ્યો તું જ્ઞાતા રે !
**મેઘ** તણી પરે મોટા નાયક, દીજે શિવ-સુખ-શાતા રે—આવો૦॥૫॥

૧. ધ્વનિ-ઘોંઘાટ ૨. વહી જાય ૩. ઈષ્ટ વસ્તુ આપી પ્રસન્ન કરે ૪. જો તે સેવકો બીજી દિશાએ દોડે ૫. મહિમા

## કર્તા : શ્રી કેશરવિમલજી મ.

### (રાગ મલ્હાર ઢાલ વીંછીયાની)

કુંથુ-જિનેસર ! સાંભળો, એક અરજ કરૂં કરજોડ રે-લાલા ।
મહેર કરી મુજ સાહિબા ! ભવ-ભવ-તણી ભાવઠ છોડ રે-લાલા—કુંથુ૦॥૧॥
અંતરજામી માહરા ! હિયડાના જાણે ભાવ રે-લાલા ।
ભક્ત-વચ્છલપણું તુમ-તણું, જણાવો ! ભવ-જલ-નાવ રે-લાલા—કુંથુ૦॥૨॥
ભવ-દુઃખ વારો ! ભવિતણાં, દેઈ દેઈ દરિસણ-નૂર રે લાલા ।
નિશ-દિન નિ-વસો ! મુજ મને, તો કાં ! ન કરો ! દુઃખ દૂર રે લાલા-કુંથુ૦॥૩॥

તું નિવસત મુજ હિયડલે, કહો ! કિમ રહે ! દુરિત દુરંત રે-લાલા।
તિમિર-પટલ તિહાં કિમ રહે ? જિહાં દિણયર-તેજ દીપત રે લાલા–કુંથુ૦॥૪॥

**કુંથુ**-જિણંદ ! મયા કરો, મન-વલ્લભ ! જિન ! જગદીશ રે !-લાલા।
**કેશર-વિમલ** ઈમ વિનવે, બુધ **કનક-વિમલગુરૂ**-સીસ રે-લાલા–કુંથુ૦॥૫॥

## કર્તા : શ્રી કનકવિજયજી મ.

**(દેશી વિણજારાની)**

જિનરાયાજી **કુંથુ**-જિણંદ દયાલ, [1]મહિર કરોજી મુજ ઉપરઇં,
-જિનરાયાજી જિનરાયાજી।
તું પ્રભુ ! પરમ-કૃપાલ ! તું સેવક-જન સુખ કરઇ–જિન૦જિન૦॥૧॥

તુમ્હ ચરણે મુઝ વાસ, દાસ અછું હું તાહરો–જિન૦જિન૦
પલક ન છોડું પાસ[2], જિમ જાણો તિમ ઉદ્ધરો–જિન૦જિન૦॥૨॥
ચઉરાશી-લખયોનિ, ચઉ-ગતિમાં ભમતાં લહ્યો–જિન૦જિન૦
નિરુપમ તુમ્હ[3] દીદાર, મુઝ મનમાં થિર થઇ રહ્યો–જિન૦જિન૦॥૩॥
અવસરઇં લહી સંયોગ, જે મૂરખ અ[4]-ફલો ગમે–જિન૦જિન૦
ફિરી પછિતા તેહ, નરક-નિગોદમાંહેં ભમે–જિન૦જિન૦॥૪॥
અ[5]-વિહડ જિમ[6] કરે-રેખ, તિમ લાગો નેહ તે નવિ ટલે–જિન૦જિન૦।
પણિ પ્રભુ જો હુઈ તુમ્હ નેહ, તો **કનકવિજય** વંછિત ફલે–જિન૦જિન૦॥૫॥

---

૧. મહેરબાની ૨. પડખું ૩. ચેહરો ૪. નિષ્ફળ ૫. ન ફરે તેવી ૬. હાથની રેખા

## કર્તા : શ્રી રૂચિરવિમલજી મ.

(રાજાજજી ચાલે પરદેશ, નણદીરો વીરો મ્હારે પાહુણોજી એ-દેશી)

**કુંથુ**-જિણેસર ! સાહિબ-સેવ, સુરનર કિન્નર કર જોડી કરેજી ।
દીન દયાકર ઠાકુર દેવ, પૂજી પ્રણમીનેં સુખ સંપત્તિ વરેજી—કુંથુ૦॥૧॥
તારણ-તરણ જિહાજ, [1]રાજ સમોવડ સમરથ કો નહીંજી ।
ગુણ-નિધિ ગરીબ-નિવાજ, કાજ સુધારો ! મનમાં ગહગહીજી—કુંથુ૦॥૨॥
અષ્ટ કરમ ભડ ભીમ, વીર તે જીત્યો ઉપશમ-રસ ભરેં જી ।
મદન મહા વડવીર, ધીર હરાવ્યો સંજમ વ્રત-[1]શરેંજી—કુંથુ૦॥૩॥
મહીયલ માંહિ મહિમાવંત,સંત સલૂણો સાહિબ સેવીએજી ।
આશ પૂરજયો અરિહંત, નામ તુમ્હારે પ્રભુજી ! જવીએજી—કુંથુ૦॥૪॥
અંતરયામી આધાર, તન ધન જીવન પ્રભુજી ! માહરોજી ।
સાહિબ છો જી સિરદાર, રૂચિર પ્રભુજી સેવક તાહરોજી—કુંથુ૦॥૫॥

---

૧. આપના જેવો

## કર્તા : શ્રી ભાવપ્રભસૂરિ મ.

(ઢાલ-ઝુંબખડાંની)

**કુંથુનાથ** કરુણા કરો, હું છું તમારો દાસ-જિણેસર વાલહા ।
દયા-પાત્ર મુઝ જેહવું તેહવું ન બીજે વિમાસિ—જિણે૦॥૧॥
મોહ મહા-અજ્ઞાનના, વીંટી વલ્યા છે ચોર—જિણે૦
નહી સિંગડું નહી પુંછડું, એહવો અપૂરવ ઢોર—જિણે૦॥૨॥

[1]બોલ ન [2]ઉપજે બોલતાં, સીખવો તેહ જ આપ–જિણે૦
[3]ભલે ! [4]બિ [5]લાડી ભણાવતો, બાલકને જિમ બાપ–જિણે૦॥૩॥
કરતાં મુઝને નાવડે, વિનતડી તુમ્હ લાગ–જિણે૦
આપણો જાણી ઉદ્ધરો, લહેશ્યો જગિ સોભાગ–જિણે૦॥૪॥
કૃપા-દૃષ્ટિ તેહવી કરો, જેહથી લહું નિસ્તાર–જિણે૦
**ભાવપ્રભ** કહે માહરે, ફલઈ વંછિત–સહકાર–જિણે૦॥૫॥

૧. શબ્દો ૨. આવડે ૩. સારા ૪. પાદપૂર્તિ ૫. લાડથી

## કર્તા : શ્રી રતનવિજયજી મ.

### (નાણ નમો પદ સાતમે-એ દેશી)

**કુંથુ**-જિનેસર સાહિબો, સદ્‌ગતિનો દાતાર-મેરે લાલ ।
આરાધો કામિત-પૂરણો, ત્રિભુવન-જન-આધાર-મેરે લાલ-
-સુગુણ સનેહી ! સાહિબો ! ॥૧॥
દુર્ગતિ પડતા જંતુને, ઉદ્ધરવા દીયે હાથ-મેરે૦ ।
ભવોદધિ-પાર પમાડવા, ગુણ-નિધિ ! તું સમરથ-મેરે૦–સુ૦॥૨॥
ભવ ત્રીજેથી બાંધીયું, તીર્થંકર પદ સાર-મેરે૦ ।
જીવ સવિની કરૂણા કરી, વલી સ્થાનક-તપથી ઉદાર-મેરે૦–સુ૦॥૩॥
ઉપગારી અરિહંતજી, મહિમાવંત મહંત-મેરે૦ ।
નિષ્કારણ-જગ-વચ્છલુ, ગિરૂઓ ને ગુણવંત-મેરે–સુ૦॥૪॥
જ્ઞાનાનંદે પૂરણો, ભાખે ધરમ ઉદાર-મેરે૦ ।
સ્યાદ્‌વાદ-સુધારસે, વરસે જ્યું જલ-ધાર-મેરે૦–સુ૦॥૫॥

અતિશય-ગુણ-ઉદયે થકી, વાણીનો વિસ્તાર-મેરે૦ ।
બારે પરષદા સાંભળે, જોયણ લગે તે સાર-મેરે૦—સુ૦॥૬॥
સાર્થવાહ શિવ-પંથનો, આતમ-સંપદ-ઈશ-મેરે૦ ।
ધ્યાન-ભુવનમાં ધ્યાવતાં, લહીએ અતિશય-જગીશ-મેરે—સુ૦॥૭॥
છઠ્ઠો ચક્રી દુઃખ હરે, સત્તરમો જિન-દેવ-મેરે૦ ।
મોટે પુણ્યે પામીયો, તુમ પદ-પંકજ-સેવ-મેરે—સુ૦॥૮॥
પરમ-પુરૂષની ચાકરી, કરવી મનને કોડ-મેરે૦ ।
ઉત્તમ-વિજય-વિબુધ-તણો, રતન નમે કર-જોડ-મેરે—સુ૦॥૯॥

## કર્તા : શ્રી માણેકમુનિ મ.

**(ઢાલ-કો વાવી જાર-બાજરી રે અમલિ ડોલીવા ભાંગ રે અમલી અમલાં પઈ રંગ છોતરા રે-એ દેશી)**

કુંથુ-જિનેસર [૧]કામનો રે, પૂરો પરમ દયાલ રે-જિનજી ।
રાત-દિવસ રહું ધ્યાન માંહી રે
છોડી આલ-જંજાલ રે-જિનજી સુણો વિનતી રે—જિનજી૦॥૧॥
[૨]વારુ વડાની ચાકરી રે, અવસર આવઈ કામ રે-જિનજી૦
આપદથી જે ઉધરે રે, આપે સંપદ ઠામ રે જિનજી૦॥૨॥
ઉધરતાં પ્રભુ દાસનેં રે, શ્યું તુમ્હ લાગે વિત્ત રે ?—જિનજી૦
વાધે કીર્તિ વિશ્વમેં સહી રે, હરખે સેવક ચિત્ત રે—જિનજી૦॥૩॥
મહેર મોટાની ચાહીએ રે, કરીએ ઉત્તમ-સંગ રે-જિનજી૦
ચોલ મજીઠના જેહવો રે, જેહનો અ-વિહડ રંગ રે—જિનજી૦॥૪॥

સહસ અઠોત્તાર સુંદરુ રે, લક્ષણ શોભિત અંગ રે-જિનજી૦
રુપે કામ હરાવતો રે, સોવન [3]વાન [4]સુ-ચંગ રે—જિનજી૦॥૫॥
[5]દુરિત-નિકંદન નેહસ્યું રે, **શ્રી-નંદન** અવધાર રે-જિનજી૦
જગવંદન નિત વંદના રે, **માણિકકી** મનોહાર રે—જિનજી૦॥૬॥

---

૧. ઉપયોગી ૨. સારી ૩. કાંતિ ૪. સારી સુંદર ૫.પાપનો નાશ

## કર્તા : શ્રી દીપવિજયજી મ.

### (જઈનેં કહેજ્યો મારા વાલાને રે-એ દેશી)

**કુંથુ** દયાલ - શિરોમણિ - જયકારીજી રે,
બાર ગુણેં અરિહંત, અતિશયવંત - મનોહારાજી ।
પર-પુદ્ગલ-સુખનેં તજી-જય૦, આતમ-સત્તા ભજંત, નહીં તસ અંત
—મનો૦॥૧॥

**રૂષી સુંદર** આતમા-જય૦, [1]લવ-સત્તમા સુર થાય, સુકૃત-પસાય-મનો૦।
ચ્યવી ગજપુરવર રાજવી-જય૦, જનમ્યો હરખ ન માય-નમેં [2]હરિ પાય
—મનો૦॥૨॥

રાક્ષસગણ [3]કાર્તિકા [4]રીખે-જય૦,
વૃષ રાશિ જોનિ છાગ, કર્યો ભય ત્યાગ-મનો૦ ।
[5]સુપરેં સોલ વરસ લગેં-જય૦, મૌન ધર્યું ધરી રાગ,ઘે કર્મ [6]માગ
—મનો૦॥૩॥

આતમ - જ્ઞાનની શ્રેણિશું - જય૦,
ધ્યાનની તાલી લગાય, શ્રી જિનરાય - મનો૦ ।

[7]તિલક-તલેં સૂરજ સમો-જય૦, કેવલ જ્ઞાન ઉપાય, કર્મ-ક્ષય થાય
—મનો૦ ।।૪।।
શૈલશી-કરણેં કરી-જય૦, સહસ મુનિવર સાથ, થયા શિવ નાથ-મનો૦ ।
દીપ કહેં ભવિ પૂજીયેં-જય૦ । આવો અ-નાથનો નાથ, શિવપુર-સાથ
—મનો૦ ।।૫।।

---

૧. અનુત્તર વિમાનમાં દેવ ૨. ઇંદ્ર ૩. કૃત્તિકા ૪.નક્ષત્રમાં ૫. સારી રીતે ૬. રસ્તો ૭. ઝાડનું નામ છે

## કર્તા : શ્રી ધર્મકીર્તિગણિ મ.

### (અહ પોસ પઢમ પખિ-એહની ઢાલ)

હિવ કુંથુ જિણેસર હથિણાઉરિ (૧) સુરરાય (૨)
સવ્વટ્ઠ વિમાણહં (૩) વૃષ રાશિઈ (૪)
સિરિમાય (૫) [1]અજ [2]અંકહ (૬) છઠ તપિ (૭)
ગજપુરી સંજમ લીધ (૮) સોવન તણું (૯)
ગણહર પૈતીસે સુપ્રસિધ (૧૦) ।।૧।।
આઉઅ પંચાણું સહસ (૧૧) [3]તીસ પણ [4]માણ (૧૨)
પલ્લોવમ આધઉ સંતિ કુંથુ વિચિ જાણ (૧૩)
તહ કત્તિઅ રિખ્ખહિં (૧૪) ગજપુરિ કેવલ-ભાણ (૧૫)
વગ્ઘસીહ ધરિ પારણ (૧૬) [5]ચેઇઅ તિલક પહાણ (૧૭) ।।૨।।
છગ સય સાઠ સહસા સાહુણી (૧૮) સહસસટ્ઠી સાહુ (૧૯)
સાવય તહ લખ ઇગ સહસ ગુણ્યાશી સનાહુ । (૨૦)

લખ તીને સાવિઅ સહસ ઈકાસી (૨૧) જખ્ખ ગંધવ્વ (૨૨)
અચ્છુત્તા દેવી (૨૩) સંમેતઈ મુખ્ખ (૨૪) ॥૩॥

૧.બકરો ૨.લંછન ૩. ત્રીશ અને પાંચ –૩૫ ૪. પ્રમાણ (શરીરની ઉંચાઈનું) ૫. ચૈત્ય (કેવળજ્ઞાન વૃક્ષ)

## કર્તા : શ્રી સ્વરૂપચંદજી મ.

### (ઋષભ જિણેસર પ્રીતમ માહારા રે-એ દેશી)

**કુંથુનાથ** સત્તરમા જિનપતિજી, કુંથુ તણા પણ નાથ ।
તે જિન અંતર-સામગ્રીવંતનેંજી, સાચો શિવપુર–સાથ૦ ॥૧॥
શ્રીદેવી-સુત ગુણ-સંભારીએજી, મન-કજ-કોશ નિવાસ ।
મન-મધુકર જિનપદ-કજ-કર્ણિકાજી, વાસી લહો સુખવાસ–શ્રી૦ ॥૨॥
યોગ-ખેમંકર ગુણ છે નાથમાંજી, **કુંથુ** ઉપર પણ એમ ।
અ-પ્રાપિતનેં પ્રાપક જોગ છેં જી, પ્રાપ્ત-રક્ષણ-ગુણ ખેમ–શ્રી૦ ॥૩॥
લૌકિક નાથ મહીપતિને કહ્યોજી, તે એ અર્થ પ્રમાણ ।
લોકોત્તર જ્ઞાનાદિક-ગુણ તણોજી, દાયક રક્ષણ જાણ–શ્રી૦ ॥૪॥
તે ગુણનો અભિલાષી આતમાજી, સેવો શ્રી જગનાથ ।
જિનજી તેહનેં મધુ-માધવ પરેજી, આપે અદ્‌ભૂત આથ–શ્રી૦ ॥૫॥
તિમ હું **કુંથુ-જિનેંદ્ર** ઉપાસનાજી, કરી માંગુ ગુણ દોય ।
ભવ-પરિહાર મુગતિ-સંપાદનાજી, સત્-**સ્વરૂપ** સુખ હોય–શ્રી૦ ॥૬॥

## કર્તા : શ્રી જશવિજયજી મ.

### (ત્રિશલાનંદન ચંદન શીત-એ દેશી)

કુંથુ-જિનેસર સાચો દેવ, ચોસઠ ઇંદ્ર કરે જસ સેવ-સાહિબ સાંભળો।
તું સાહિબ ! જગનો આધાર, ભવ ભમતાં મુજ નાવ્યો પાર-સા૦
કહું મુજ મનની વાત, મૂકી આંબલો—સા૦॥૧॥
પ્રશંસા ઉપર મુજ રીઝ, નિંદા કરે તે ઉપર ખીજ—સા૦
એ બે તુમને છે સમભાવ, તે માગું છું પામી દાવ—સા૦॥૨॥
પુદ્ગલ પામી રાચું રે હું, તે નવિ ઈચ્છે પ્રભુજી તું-સા૦
એ ગુણ મોટો છે તુમ પાસ, તે દેતાં સુખીયો હોય દાસ—સા૦॥૩॥
વિષય-[1]વેરી સંતાપે જોર, કામે વાહ્યો ફરું જિમ ઢોર-સા૦
વલી વલી દુઃખ દીયે ચાર ચોર, તુમ વિના કુણ આગળ કરૂં ! [2]સોર—સા૦ ॥૪॥
તુમથી ભાગ્યા લાગ્યા મુજ કેડ, ચિંહુ ગતિની કરાવે બેડ-સા૦
જાણી તુમારો દે મુજ માર, તો કિમ ન કરો ! પ્રભુજી ! સાર—સા૦॥૫॥
સેવક-સન્મુખ જુઓ ! એકવાર, તો તે ઉભા ન રહે લગાર સા૦
મોટાની [3]મીટે કામ થાય, [4]તરણિ-તેજે [5]તિમિર પલાય—સા૦॥૬॥
કરુણાવંત અનંત-બળ-ધણી, વાર ન લાગે તુમ તારવા ભણી—સા૦
શ્રીગુરુ-**ખિમાવિજય**નો શીશ, **જશ** પ્રેમે પ્રણમે નિશદિશ—સા૦॥૭॥

---

૧. દુશ્મન ૨.પોકાર ૩. નજરથી ૪. સૂર્ય ૫. અંધકાર

## કર્તા : શ્રી જ્ઞાનવિમલસૂરીજી મ.

### (રાગ-જીહોની દેશી)

જી હો ! કુંથુ-જિણંદ ! દયા કરી,' જી હો ! દાસતણી અરદાસ ।
જી હો ! સુણીયે સુ-પ્રસન્ન-હેજથી, જી હો ! વિગતે વચન-વિલાસ-
કૃપાનિધિ ! સાહિબ ! કુંથુજિણંદ ! જી હો ! તું શમ-સુરતરૂ-કંદ
—કૃપા૦ ॥૧॥

જી હો ! [1]શૂરતણા કુલે ઉપન્યો, જી હો ! જીતે દુશ્મન-વર્ગ ।
જી હો ! તેહમાં અચરિજ કો નહીં, જી હો ! પામ્યા જે [2]અપવર્ગ
—કૃપા૦ ॥૨॥

જી હો ! [3]શ્રી નંદનપણે રૂપનો, જી હો ! પાર ન પામે કોય ।
જી હો ! [4]ઇશ્વર સવિ સેવા કરે, જી હો ! એહી જ અચરિજ જોય
—કૃપા૦ ॥૩॥

જી હો ! સંગ કરે સવિ ભાવનો, જી હો ! તોહે તું નિસ્સંગ ।
જી હો ! અ-ક્ષય અ-રૂપી તું સદા, જીહો ! આતમ-ભાવ અ-સંગ
—કૃપા૦ ॥૪॥

જી હો ! [૫]અણધૌત મલ-સીલ છે, જી હો ! અણ-તેડયો સુ-સહાય ।
જી હો ! ભવ-વિણ તુંહિ મહેશ છે, જી હો ! અ-શરણ-શરણ કહાય
—કૃપા૦ ॥૫॥

જી હો ! અણ-ચિંતિત-ચિંતામણિ, જી હો ! કરતો અધિક પસાય !
જી હો ! સકલ સુરાસુર તાહરા, જી હો ! પ્રણમે ! પ્રેમે પાય
—કૃપા૦ ॥૬॥

જી હો ! સમતા-ચક્ર સાધિયા, જી હો ! [૬]અંતરષટ-અરિ વર્ગ ।
જી હો ! પરિસહ-સેના [૭]નિર્દલી, જી હો ! એહ સ્વભાવ નિસર્ગ
—કૃપા૦ ॥૭॥

જી હો ! છઠ્ઠો ચક્રી જે અછે, જી હો ! સત્તરમો જિનરાય ।
જી હો ! અ-કળ સરૂપ છે તાહરૂં, જી હો ! કીમહિ ન કળ્યું જાય
—કૃપા૦ ॥૮॥

જી હો ! ધ્યાયક ભેદ થકી લહે, તુમરો સહજ સભાવ ।
જી હો ! ધ્યાનાદિક હેતે કરી, જી હો !પ્રગટે એકી ભાવ
—કૃપા૦ ॥૯॥

જી હો ! ૮અજ-લંછન કંચનવને, જી હો ! ગજપુર નગરી જાસ ।
જી હો ! એક-ભવે પદ બિહુ તણા । જી હો ! પામ્યા ભોગ-વિલાસ
—કૃપા૦ ॥૧૦॥

જી હો ! **જ્ઞાન-વિમલ-જિનરાજની**, જી હો ! સેવા સુરતરૂ છાય ।
જી હો ! જે સેવે ભાવે સદા, જી હો ! દર્શન-ફલ તસ થાય
—કૃપા૦ ॥૧૧॥

---

૧. પ્રભુજીના પિતાનું નામ છે ૨. મોક્ષ ૨. પ્રભુજીની માતાનું નામ **શ્રીદેવી** છે, તેમના પુત્ર પણે ૪. શક્તિશાળી દેવો ★ આ ગાથા શ્રીવીતરાગ સ્તોત્ર (પ્રકાશ ૧૩ ગા. ૨ અને ૪ની ગાથા)નાં કેટલાંક પદોને યાદ કરાવે છે. ૫. વગર ધોયે પણ નિર્મળ શીલવાળા ૬. અંતરના ૭.હઠાવી દીધી ૮. બકરો

## કર્તાા : શ્રી ગુણવિલાસજી મ.

(રાગ-ટોડી)

અબ મેરી પ્રભુશું પ્રીત લગીરી । ઘનસૌ મોર ચકોર શશિ જ્યૌ,
કમલ મધુપ જ્યૌં પુષ્ઠ પગીરી—અબ૦॥૧॥

દિનકરકૌ ચકવી જ્યૌં ચાહે,ત્યૌં મેરે મન આન જગીરી ।
**ગુણવિલાસ કુંથુજિન** દેખત, દિલકી દુવિધા દૂર ભગીરી—અબ૦ ॥૨॥

## કર્તા : શ્રી જગજીવનજી મ.

### (રાગ રતનગુરૂની)

કુંથુ જિણેસર સાહિબારે મનમોહન મહી આહ[1]
આતિમ રામી મુંઝઇ [2]સજી રે, આપો આણંદ ઉલ્લાહ—કુંથુ૦ ।।૧।।
એક ગિરાયે અનેકનારે [3]હેલા, સંશય ચૂરણ હાર ।
તારક જગમાં તું તાતજી રે, ધર્મ મંડણ જગ આધાર—કુંથુ૦ ।।૨।।
અ-વિનાશી પદ પામીયા રે, જગસ્વામીયા શ્રી જિનરાજ ।
મોહમાયા-લીન માનવી રે, થિર તુમ ચરણે થિર થાય—કુંથુ૦ ।।૩।।
વરદ ભગતિ હીયડેં વસીરે, મુઝ [4]પ્રેખતે [5]પ્રતિપાલ !
વાહ્યો મુઝ મન વાલહોરે, દેવ સ્તવીયો દીન દયાલ—કુંથુ૦ ।।૪।।
પરમ નિરમલ ગતિ નાથજી રે, નિધિ પામી તે નિરધાર !
વંછિત દાયક લાયક વીનતી રે, અવધારો પ્રાણાધાર—કુંથું૦ ।।૫।।
પોર બંદર સંઘ શોભતો રે, શુધ શ્રાવક ધર્મ[6]સ-ધીર !
દાન-દયાદિ ગુણેં દીપતારે, ચિત નિરમલ ગંગ [7]સ-તીર—કુંથુ જિણે૦ ।।૬।।
સંવત અઢાર આઠમાં રે, ગુણ ગાયા કુંથુ જિણંદ !
જગજીવન ગણી ગુણ સ્તવેં રે, પ્રભુ ! આપો અધિક આનંદ—કુંથુ૦ ।।૭।।

---

૧. કહેવાય ૨. જલ્દી ૩. તુર્ત ૪. જૂઓ ૫. હે પાલન કરનાર ? ૬. નિપુણ ૭. જેવા

## કર્તા : શ્રી જિનહર્ષજી મ.

### (રાગ-સોરઠ)

જ્ઞાની વિણ કિણ આગળ કહીયે । મનકી મન મેં જાણી રહીયે–જ્ઞાની૦ ॥

ભુંડી લાગે [૧]જણ-જણ આગે, કહેતાં કાંઈ ન [૨]વેદન ભાગે હો–જ્ઞાની૦ ॥૧॥

અપનો ભરમ ગમાવે [૩]સાજન, [૪]પરજન કામ ન આવે-હો–જ્ઞાની૦ ॥૨॥

દુરજન હોઈ [૫]સુપરે કરે [૬]હાસા, જાણી પડયા મુહ-માગ્યા પાસા હો–જ્ઞાની૦ ॥૩॥

તાથે મૌન ભલું મન આણી, ધરી મન ધાર રહે નિજ-પાણી હો–જ્ઞાની૦ ॥૪॥

કહે **જિનહર્ષ** કહેજો પ્રાણી, કુંથુ-જિણંદ આગે કહેવાણી–જ્ઞાની૦ ॥૫॥

---

૧. દરેકની આગળ ૨. દુઃખ ૩. કુટુંબી ૪. બીજા માણસો ૫. સારી રીતે ૬. મશ્કરી

## કર્તા : શ્રી કનકવિજયજી મ.

### (પંથડો નિહાળું રે ! બીજા જિન તણો રે )

કુંથુ-જિનેસર ! સાહિબ ! તું ધણી રે, જગજીવન ! જગદેવ !
જગત-ઉદ્ધારણ ! શિવ-સુખ-કારણે રે, નિશદિન સારૂં સેવ—કુંથુ૦॥૧॥

હું અપરાધી કાલ અનાદિનો રે, કુટિલ કુ-બોધકુ-નીત ।
લોભ-ક્રોધ-મદ-મોહે માચીયો રે, મત્સર-મન અ-તીત-કુંથુ૦॥૨॥

લંપટ કંટક નિંદક દંભીયો રે, પરવંચક ગુણ-ચોર ।
આપ-થાપક પર-નિંદક માનીયો રે, કલહ-કદાગ્રહ ઘોર—કુંથુ૦॥૩॥

ઈત્યાદિક અવગુણ કહું કેટલા રે ? તું સબ જાનનહાર ।
જે મુજ વીતક વીત્યો વીતશે રે, તું જાણે કીરતાર—કુંથુ૦॥૪॥

જે જગ પૂરણ વૈદ કહાઈયો રે, રોગ કરે સબ દૂર ।
તિનહીઅપના રોગ દીખાઈએ રે, તો હોવે ચિંતા ચૂર—કુંથુ૦॥૫॥

તું મુજ સાહિબા ! વૈદ ધનંતરૂ રે, કરમ-રોગ મોહ કાટ ।
રત્નત્રયી પંથ મુજ મન માનીયો રે, દીજો સુખનો ઘાટ—કુંથુ૦॥૬॥

નિરગુણ લોહ કનક પારસ કરે રે, માગે નવિ કછુ તેહ
તો તુજ આતમ-સંપદ નિરમલી રે, દાસ ભણી અબ દેહ—કુંથુ૦॥૭॥

# શ્રી કુંથુનાથ ભગવાનની થોય


## શ્રી વીરવિજયજી કૃત થોય

વશી કુંથુવ્રતી તિલકો જગતિ,
મહિમા મહતી નત ઈંદ્રતતિ,
[1]પ્રથિતાગમ જ્ઞાન ગુણા વિમલા,
શુભ વીર મતાં ગાંધર્વ બલા....।।૧।।

## શ્રી પદ્મવિજયજી કૃત થોય

કુંથુજિન નાથ, જે કરે છે સનાથ,
તારે ભવ [2]પાથ, જે ગ્રહી ભવ્ય હાથ;
એહનો તજે સાથ, બાવલે દીયે બાથ,
તારે સુરનર સાથ, જે સુણે એક ગાથ....।।૧।।

૧. શ્રેણી ૨. જળ



# અમૃત કણ

- જિન ભક્તિએ જે ન સીધ્યું, તે બીજા કશાથી ન સીઝે.
- અરિહંત મળ્યા પછી અરિહંતની કદર કેટલી એમની પાછળ ઘેલા થઈ જઈએ ખરા ?
- "નિગોદમાંથી અહીં સુધી ઉંચે આવ્યા એ અરિહંતની કૃપાથી" આ ભાવથી ભગવંત પરનો કૃતજ્ઞત્તા ભાવ જીવંત રાખો.
- જૈનધર્મનું ભવાંતરમાં રિઝર્વેશન કરાવવું હોય તો અરિહંતની પાછળ પાગલ બની જાવ.
- પરમાત્માની વંદનામાં એકાકારતા એ મહાયોગ છે.

**ન્યાયવિશારદ, વર્ધમાન તપોનિધિ પૂજયપાદ આચાર્ય**
**શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ**

# શ્રી કુંથુનાથ ભગવાનની જીવન ઝલક

| | | | |
|---|---|---|---|
| પિતાનું નામ | : સુર રાજા | માતાનું નામ | : શ્રી રાણી |
| જન્મ સ્થળ | : ગજપુરી | જન્મ નક્ષત્ર | : કૃતિકા |
| જન્મ રાશી | : વૃષ | આયુનું પ્રમાણ | : ૯૫,૦૦૦ વર્ષ |
| શરીરનું માપ | : ૩૫ ધનુષ | શરીરનું વર્ણ | : સુવર્ણ |
| પાણિ ગ્રહણ | : ૬૪,૦૦૦સ્ત્રી | કેટલા સાથે દીક્ષા | : ૧૦૦૦ સાધુ |
| છદમસ્થ કાળ | : ૧૬ વર્ષ | દીક્ષા વૃક્ષ | : ભીલક વૃક્ષ |
| ગણધર સંખ્યા | : ૩૫ | જ્ઞાન નગરી | : ગજપુરી |
| સાધુઓની સંખ્યા | | | ,૬૦૦ |
| શ્રાવકની સંખ્યા | : | | ૧,૦૦૦ |
| અધિષ્ઠાયક યક્ષ | : | | ુત |
| પ્રથમ ગણધરનું નામ | : સ | | ાની |
| મોક્ષ આસન | : કાઉસ્સગ | ભવ સંખ્યા | ણ ભવ |
| ચ્યવન કલ્યાણક | : શ્રાવણ વદિ ૯ | જન્મ કલ્યાણક | : વૈશાખ વદિ ૧૪ |
| દીક્ષા કલ્યાણક | : ચૈત્ર વદિ ૫ | કેવલજ્ઞાન કલ્યાણક | : ચૈત્ર સુદિ ૩ |
| મોક્ષ કલ્યાણક | : વૈશાખ વદિ ૧ | મોક્ષ સ્થાન | : સમેતશિખર |


| | | | |
|---|---|---|---|
| પુરી | જન્મ નક્ષત્ર | : કૃ | |
| ષ | આયુનું પ્રમાણ | : ૯૫,૦૦ | |
| ધનુષ | શરીરનું વર્ણ | : સુવર્ણ | |
| ૦૦સ્ત્રી | કેટલા સાથે દીક્ષા | : ૧૦૦૦ ર | |
| | દીક્ષા વૃક્ષ | : ભીલક | |


મુદ્રક : રોનક ઓફસેટ - અમદાવાદ. ફોન : ૦૭૯-૬૬૦૩૯૦૩